કઈ રીતે કરશો સંજોગ ન્યુઝની એપ્લીકેશન ડાઉનલોડ ?
સૌ પ્રથમ GET IT ON Google Play માં જઈને
SANJOG NEWS સર્ચ કરવુ
ત્યારબાદ INSTALL નું બટન દબાવવું
અથવા www.sanjognews.net સર્ચ કરો
ગણતરીની સેકન્ડોમાં સંજોગ ન્યુઝની એપ્લીકેશન તમારા મોબાઈલમાં ડાઉનલોડ થઈ જશે

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2021-2023

Year - 5 | Issue- 147 | AD-2022, Maha Vad-14 Tuesday, Dt. 01-03-2022 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-10 Price : Rs.3-00

# સ્થિતિ સ્ફોટક : અણુ હુમલા માટે રશિયાનો યુદ્ધાભ્યાસ

## રશિયન મીડિયાનો સનસનાટીભર્યો દાવો

મોસ્કો, તા. ૨૮



કોઈ પણ ભોગે યુક્રેનને ઝુકાવવા રશિયા મક્કમ બન્યું છે. યુક્રેન પર અણુ હુમલો કરવા માટે રશિયાએ યુદ્ધાભ્યાસ શરુ કર્યો હોવાના રશિયન મીડિયાના દાવાથી વર્લ્ડમાં ચિંતાનું મોજુ ફેલાયું છે. પુતિને હવે પરમાણુ હથિયારોના ઉપયોગનો ખૌફનાક પ્લાન તૈયાર કર્યો છે.

રશિયન મીડિયા એજન્સી સ્પૂતનિકે પરમાણુ યુદ્ધાભ્યાસની પુષ્ટિ કરી દીધી છે. એટમી કમાન્ડવાળા યુનિટની રજા કેન્સલ કરી દેવાઈ છે અને તેમને હુમલાની તૈયારીના આદેશ આપી દેવાયા છે. રશિયાએ તેની તમામ પરમાણુ મિસાઈલ ફાયરિંગ મોડ પર લાવીને મૂકી દીધી છે. સાથે તમામ સ્ટાફને સ્ટેન્ડબાય મોડ પર રહેવાનો આદેશ આપી દેવાયો છે.

યુક્રેનને ઝુકાવવા જો રશિયા અણુ હુમલો કરે તો ખતરનાક પરિસ્થિતિ પેદા થશે. આ દાવાથી ત્રીજા વિશ્વયુદ્ધની આશંકા છેડાઈ છે. રશિયન મીડિયામાં આવેલી ખબર અનુસાર, રશિયાના સંરક્ષણ પ્રધાન જનરલ સર્ગેઇ શોઈગુએ પ્રેસિડન્ટ પુતિનને આવી માહિતી આપી હતી. રશિયન મીડિયાના દાવા બાદ સમગ્ર વિશ્વમાં ચકચાર મચી છે. રશિયન મીડિયાએ સનસનાટીભર્યો દાવો કર્યો છે કે તેમના દેશે યુક્રેન પર હુમલો કરવા માટે પરમાણુ કવાયત શરૂ કરી દીધી છે. રશિયાના સંરક્ષણ પ્રધાન જનરલ સર્ગેઇ શોઈગુએ પણ તેમના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિનને આ અંગે માહિતી આપી છે. રશિયા પાસે વિશ્વમાં સૌથી વધુ ૫,૯૭૭ પરમાણુ શસ્ત્રો છે. પુતિને દેશની પરમાણુ નિવારણ ફોર્સને પણ એલર્ટ પર રાખવાનો આદેશ આપ્યો છે.

## લોકોને કીવ શહેર છોડવા રશિયાનુ ફરમાન

ન્યુ દિલ્હી,તા.૨૮

યુક્રેન અને રશિયાએ બેલારુસ-યુક્રેન બોર્ડર પર ૩ કલાક વાતચીત કરી. જો કે મીડિયા રિપોટ્સમાં વાતચીતનું કોઈ પરિણામ ન આવ્યું હોવાનું જણાવ્યું છે. રશિયાને અણુ હુમલા માટે બેલારૂસે પોતાની જમીનનો ઉપયોગ કરવા માટે મંજૂરી આપી દીધી છે ત્યારે હવે રશિયા કીવ શહેર પર વધુ તાકાતથી હુમલો કરવા માટે વિચારી રહ્યુ છે. કીવ શહેર પર રશિયા ફાદર ઓફ વોલ બોમ્બનો ઉપયોગ કરી શકે તેવી આશંકા વ્યકત કરવામાં આવી છે અને રશિયાએ પણ લોકોને ૨૪ કલાકમાં કીવ શહેર છોડી દેવા માટે ફરમાન જારી કર્યુ છે ત્યારે ફ્રાંસના રાષ્ટ્રપતિએ પુતિન સાથે દોઢ કલાક વાત કરી હતી જેમાં પુતિને સ્પષ્ટ જણાવ્યું હતું કે,યુક્રેન નાટોનુ સભ્ય નહી બને તેવી ખાતરી આપે અને તટસ્થ દેશ તરીકે રહે. યુક્રેનના રાષ્ટ્રપતિ જવેલેસ્કીએ જણાવ્યું હતું કે, આગામી ૨૪ કલાક કીવ માટે ભારે રહેશે.
















સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
મંગળવાર, તા.૦૧-૦૩-૨૦૨૨

### કાંટા ઉદ્યોગમાં રોજગારી મેળવતાં લોકો અન્ય વ્યવસાય તરફ વળ્યા

# સાવરકુંડલાનો કાંટા ઉદ્યોગ મૃતઃપાય અવસ્થામાં



## લોખંડ પર ૧૮% જીએસટી લાગુ કરવામાં આવતાં કાંટા ઉદ્યોગની પનોતી બેઠી

**સૌરભ દોશી**

સાવરકુંડલા તા.૨૮

અમરેલી જિલ્લાનું સાવરકુંડલા શહેર પોતાના કાંટા ઉદ્યોગને કારણે સમગ્ર દેશમાં પ્રખ્યાત હતું. કાંટા ઉદ્યોગના કારણે સાવરકુંડલા શહેરની એક નવી જ ઓળખ હોવાથી દેશના ખુણે ખુણે કાંટા ઉદ્યોગ માટે સાવરકુંડલાનું નામ ગુંજતું હતું. પરંતુ સરકારે આ કાંટા ઉદ્યોગને પણ મરણપથારીએ લાવીને રાખી દીધો છે. ચાઈનાના ડિજિટલ કાંટાથી સાવરકુંડલાનો કાંટા ઉદ્યોગ ડચકા ખાઈ રહ્યો છે. કાંટા ઉદ્યોગ મરણપથારીએ હોવાથી આ ઉદ્યોગ સાથે સંકળાયેલા અનેક વ્યવસાયકારો અન્ય ધંધા તરફ વળ્યા છે તો અન્ય લોકો મજૂરી કરવા માટે મજબૂર બન્યા છે. કાંટા ઉદ્યોગ ફરી ધમધમતો કરવા માટે સરકાર આગળ આવે તેવી કાંટા ઉદ્યોગ સાથે સંકળાયેલા લોકો માંગ કરી રહ્યાં છે. નાવલી નદીના કાંઠે વસતું સાવરકુંડલા શહેર કાંટા ઉદ્યોગના કારણે સમગ્ર દેશમાં ખ્યાતી પામ્યું છે. કાંટા ઉદ્યોગની હાલની સ્થિતિ અત્યંત દયનીય બની ગઈ છે. હજારો લોકોને રોજગારી પુરી પાડતો કાંટા ઉદ્યોગ પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા ઝઝુમી રહ્યો છે. કાંટા બનાવીને રોજી રોટી રળતાં મજૂરો હવે અન્ય મજૂરીકામ તરફ વળી ગયા છે. એક સમયે૧૫૦૦૦ કરતાં વધારે કારીગરો કાંટા ઉદ્યોગ મારફતે રોજગારી મેળવતાં હતાં. પરંતુ છેલ્લા ઘણાં સમયથી અન્ય મહાનગરોમાં આ ઉદ્યોગ આવતા સાવરકુંડલાના કાંટા ઉદ્યોગને જબરદસ્ત ફટકો પડ્યો છે.

સૌથી મોટો ફટકો ચીન દ્વારા ડિજિટલ કાંટાઓ ભારતમાં આવતાં હજારો લોકોની રોજગારી પર સીધી અસર થઈ છે. સરકાર સાવરકુંડલાના કાંટા ઉદ્યોગને રાહત આપી અને આ ઉદ્યોગને બેઠો કરવા માટે પ્રયાસો કરે તેવી માંગ ઉઠવા પામી છે.

### “ડિજિટલ કાંટાઓ સ્ટેમ્પીગ કર્યા વિના વેંચાઇ રહ્યાં છે”

સાવરકુંડલાના કાંટા ઉદ્યોગને મરણતોલ ફટકો પડ્યો છે. ચાઇનીઝ બનાવટના ડિજિટલ કાંટાઓ ભારતની બજારોમાં ખુલ્લેઆમ મળી રહ્યાં છે. ડિજિટલ કાંટાઓની તંત્ર દ્વારા કોઇ તપાસ કરવામાં આવતી નથી. સ્ટેમ્પીગ કર્યા વિના ડિજિટલ કાંટાઓ વેંચાઇ રહ્યાં છે. તંત્ર દ્વારા પણ આ અંગે કોઇ કડક કાર્યવાહી કરવામાં આવતી નથી.

### “૧૮% જીએસટી લાગુ થતાં કાંટા ઉદ્યોગ પડી ભાંગ્યો”

સાવરકુંડલામાં કાંટા ઉદ્યોગ ભાંગી પડવાનું કારણ જીએસટી ૧૮% લાગુ કરવામાં આવ્યો હોવાનું પણ મનાઇ રહ્યું છે. આ પહેલા કાંટાના લોખંડ માટે ૦% જીએસટી હતો. જોકે હવે જીએસટીના દરમાં વધારો થતાં કાંટા ઉદ્યોગને મરણતોલ ફટકો પડ્યો છે.



**જયંતીભાઇ મકવાણા**

અઢી ત્રણ દશકા અગાઉ સાવરકુંડલામાં મહિલાઓ પણ કાંટા ઉદ્યોગ સાથે સંકળાયેલી હતી. ગૃહ ઉદ્યોગમાં કાંટા ઉદ્યોગ હતો ને મંડળીઓ દ્વારા લોખંડ સસ્તા ભાવે આવતું હતું. મંડળીઓ દ્વારા લોખંડના વેચાણને સરકારે પ્રોત્સાહન આપવું જોઇએ ને હાલ મરણપથારીએ પડેલા કાંટા ઉદ્યોગને ટકાવવા માટે સરકારે વિચારવું જોઇએ....



**કનુભાઇ ડોડીયા**

સરકાર દ્વારા કાંટાના લોખંડ પર જીએસટીના ૧૮% જેવા વધારાએ ઉદ્યોગને ભાંગી નાખ્યો છે. કાંટા માટેના લોખંડને જીએસટીમાંથી મુક્તિ મળવી જોઇએ ને કાંટા ઉદ્યોગને જીઆઇડીસીની મંજૂરીની ચોકલેટમાંથી મુક્ત કરીને કાંટા ઉદ્યોગને બચાવવા માટે જીઆઇડીસી વહેલી તકે શરૂ કરે તે ઇચ્છનીય છે.



**વિજયભાઈ રાઠોડ**

કાંટા બનાવવાના કારણે ઘરની રોજીરોટી ચાલતી પણ હવે કાંટામાં મંદી અને વધુ પડતા કાંટાના કારખાનાઓ બંધ થઇ ગયા હોવાથી એપીએમસીમાં મજૂરી કામે ચડી ગયા છીએ ને પેટનો ખાડો પુરીએ છીએ ત્યારે સરકારે કાંટા ઉદ્યોગને જીવંત રાખી ગરીબોને રોજીરોટી મળી રહે તેવા પ્રયાસ કરવા જોઇએ.

## અમરેલી ખાતે મહાશિવરાત્રિ પર્વની ધામધૂમથી ઉજવણી થશે

અમરેલી તા.૨૮

અમરેલીના નાગનાથ મહાદેવ મંદિર ખાતે આજરોજ તા.૧ને મંગળવારના દિવસે મહાશિવરાત્રિ પર્વની ધામધૂમથી ઉજવણી કરાશે. સમગ્ર દિવસ દરમિયાન વિવિધ ધાર્મિક કાર્યક્રમો માટે ડી.કે. રૈયાણી અને પાટોત્સવ સમિતિ દ્વારા આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૮ વાગે હોમાત્મક યજ્ઞ, સાંજના ૫:૪૫ કલાકે નાગનાથદાદાની વરણાગી શહેરના મુખ્યમાર્ગ પર ફરશે. સાંજના ૭-૧૫ કલાકે મંદિરમાં આરતી યોજાશે. રાત્રે ૯:૦૦ થી ૧૨:૦૦ કલાક દરમિયાન લોકગાયક વિમલભાઈ મહેતા અને સાથી કલાકારો દ્વારા શિવ સ્વરોત્સવ કાર્યક્રમ અને રાત્રિના ૧૨:૦૦ કલાકે મહા આરતી યોજાશે. આ ધાર્મિક કાર્યક્રમમાં અમરેલીની જનતાને ઉપસ્થિત રહેવા અનુરોધ કરાયો છે.

## બગસરા પાલિકાનું રૂ.૧૯.૩૦ લાખની પુરાંતવાળુ અંદાજપત્ર

અમરેલી,તા.૨૮



બગસરા નગરપાલિકાના સભાખંડ ખાતે વર્ષ ૨૦૨૨-૨૩ના વર્ષનું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યુ હતું. બગસરા પાલિકા ખાતે બજેટ અંતર્ગત બેઠક મળી હતી જેમાં ભાજપના ચૂંટાયેલા તમામ સદસ્યો હાજર રહ્યાં હતા. એજન્ડા પ્રમાણે ૧૩ મુદ્દાઓને બહુમતીથી મંજૂરી આપવામાં આવી હતી. જયારે આવનારા વર્ષ માટે અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યુ હતું. જેમાં બગસરા પાલિકાને રૂ.૩૧,૯૪,૯૨,૦૦૦ની આવક થશે જયારે વિકાસના કામો, કર્મચારીઓના પગાર સહિતના કામો માટે રૂ.૩૧,૭૫,૬૧,૫૦૦ ખર્ચ કરવામાં આવશે. જેથી રૂા.૧૯,૩૦,૫૦૦ની પુરાંતવાળુ બજેટ રજૂ કરવામાં આવ્યુ હતું.

## સા.કુંડલાના ભુવા ગામે બાળકોને પોલીયોના ડોઝ આપવામાં આવ્યા



અમરેલી તા.૨૮

સાવરકુંડલા તાલુકાના ભુવા ગામની આંગણવાડી કેન્દ્ર ખાતે પોલીયો રોગથી બાળકોને રક્ષિત કરવા માટે પોલીયોના ડોઝ આપવામાં આવ્યાં હતાં. આ કામગીરી હેલ્થ વિભાગ દ્વારા કરવામાં આવી હતી.

## બગસરામાં માથાભારે શખ્સો સામે કડક કાર્યવાહી કરવા આગેવાનોની રજૂઆત

અમરેલી,તા.૨૮

બગસરામાં બે દિવસ પહેલા નગરપાલિકામાં કલાર્ક અને વેપારી પર તેમના ગોડાઉન પર જઈ જીવલેણ હુમલો કરવામાં આવતા આ ઘટનાના સમગ્ર શહેરમાં ઘેરા પ્રત્યાઘાત પડયા છે. જેથી વેપારી પર હુમલો કરનારા સામે કડક કાર્યવાહી કરવા માટે પાલિકા પ્રમુખ સહિત સામાજિક અગ્રણીઓએ પોલીસ સ્ટેશને જઈ માંગ કરી હતી.

બે દિવસ પહેલા રાત્રિના સમયે પાલિકાના કલાર્ક અને વેપારી સંજય હરીભાઈ વ્યાસ પર બે શખ્સોએ તેમના ગોડાઉન પર જઈ ખૂની હુમલો કર્યો હતો. સેવાભાવી યુવાન પર હુમલો થતા સમગ્ર શહેરમાં આ ઘટનાના ઘેરા પ્રત્યાઘાત પડયા હતા અને આ શખ્સો સામે પોલીસ કડક કાર્યવાહી કરે તે માટે પાલિકા પ્રમુખ ઈન્દુકુમાર ખીમસુરીયા, કમલેશભાઈ જોષી, દિનેશ હડીયલ, વિનુભાઈ ભરખડા, સંજય વેકરીયા, બ્રહ્મ સમાજના પ્રમુખ મહેશભાઈ વ્યાસ સહિતનાઓએ પોલીસને લુખ્ખાગીરી ડામવા માટે રજૂઆત કરી હતી.

પોલીસે પણ આ બાબતે કડક કાર્યવાહી કરવાની અને સીનસપાટા કરતા યુવાનોના સીન વીંખી નાખવા ખાતરી આપી છે.

## અમરેલી શહેરમાં એલસીબી અને એસઓજી પોલીસનું ફૂટ પેટ્રોલિંગ

### એલસીબી પીઆઇ કરમટા અને એસઓજી પીએસઆઇ શર્મા હાજર રહ્યાં

અમરેલી તા.૨૮



અમરેલી શહેરમાં પોલીસ દ્વારા વિવિધ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. અમરેલી શહેરના એસ.ટી. ડેપો, રેલ્વે સ્ટેશન રોડ, રાજકમલ ચોક, શાક માર્કેટ રોડ, ટાવર ચોક, કાશ્મીરા ચોક, લાઈબ્રેરી ચોક જેવા વિવિધ વિસ્તારોમાં એલસીબી અને એસઓજી પોલીસ દ્વારા પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ પેટ્રોલિંગ દરમિયાન એલસીબી પીઆઇ કરમટા, એસઓજી પીએસઆઇ શર્મા સહિત એલસીબી એસઓજીના પોલીસ કર્મચારીઓ હાજર રહ્યાં હતાં.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારુતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)

વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com

॥ શ્રી વલ્લભ ॥

જનરેટરની વિશાળ રેન્જ માત્ર અમરેલીમાં
Navnit HONDA GENERATORS
ગોપી સિનેમા પાસે, નવનીત હિરોની બાજુમાં,
સ્ટેશન રોડ,અમરેલી ફો. 7574827300

૨૨ - વર્ષથી ભરોસાપાત્ર સ્થળ
ડીપફ્રીઝ, બોટલકુલર, વોટરકુલર, મિલ્કકુલર બનાવનાર
Haier VOLTAS HI-FROST કોપર

દરેક વસ્તુ આપના ઓર્ડર મુજબ પણ બનાવી આપીશું
SINCE.1999.
તુલસી રેફ્રીજરેશન
દુ.નં.૬ અને ૭, ઓપેરાહાઉસ, અવધ હોટલ પાસે, અમરેલી.
મો. ૯૪૨૬૯૨ ૮૭૦૯૭

**વિદ્યાર્થીઓનું ભવિષ્ય ન બગડે તે અંગે પગલા લેવામાં આવે : ધારાસભ્ય દુધાત**

# યુક્રેનમાં ફસાયેલ ગુજરાતના વિદ્યાર્થીઓને સલામત રીતે ભારત લાવવા રજૂઆત

અમરેલી, તા. ૨૮

સાવરકુંડલાના ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાતે યુક્રેન-રશિયા વચ્ચેના યુદ્ધમાં યુક્રેનમાં ફસાયેલ વિદ્યાર્થીઓને સલામત રીતે પરત લાવી તેમના અભ્યાસમાં કોઈ અડચણ ન ઉભી થાય અને ભવિષ્ય ન બગડે તેવા પગલા લેવા મુખ્યમંત્રીને પત્ર પાઠવી માંગ કરી છે.



પત્રમાં જણાવ્યા પ્રમાણે, હાલ યુક્રેન-રશિયા યુદ્ધના માહોલમાં ગુજરાતના વિદ્યાર્થીઓ ફસાયેલા છે, ત્યારે વાલીઓમાં માયુસીનો માહોલ છે. જેથી ગુજરાતના તમામ વિદ્યાર્થીઓને પરત લાવવા માટેનો એરલાઈન્સનો ખર્ચ તેમજ વિદેશમાં અભ્યાસ અર્થે થયેલ તમામ ખર્ચ, વિદ્યાર્થીઓના ભવિષ્યના ભણતર માટે ગુજરાતની મોટી યુનિવર્સિટીમાં તાત્કાલિક ધોરણે એડમિશન આપવામાં આવે અને તેનો ખર્ચ ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવે, તેવી માંગ ધારાસભ્ય દુધાત દ્વારા કરવામાં આવી છે.

# કેન્દ્રીય મંત્રી રૂપાલાની ઉપસ્થિતિમાં ઈશ્વરીયા ગામે મનકી બાત કાર્યક્રમ



અમરેલી,તા. ૨૮

અમરેલી તાલુકા ભાજપ દ્વારા ઈશ્વરીયા ગામે કેન્દ્રીયમંત્રી પરશોતમભાઈ રૂપાલાની ઉપસ્થિતિમાં મનકી બાત કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપ પ્રમુખ કૌશિક વેકરીયા, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા સહિત તાલુકા ભાજપના આગેવાનો જોડાયા હતા.

# એસટી બસની સુવિધા ન મળતા ટીંબીના ગ્રામજનો દ્વારા આંદોલન

જાફરાબાદ, તા. ૨૮

જાફરાબાદના ટીંબીમાં એસટી બસની સુવિધા ન મળતા આજે ગ્રામજનો દ્વારા એસટી બસોને અટકાવી આંદોલન કરવામાં આવ્યું હતું. અગાઉ પણ અનેક વખત રજૂઆતો કરવામાં આવી હોવા છતાં યોગ્ય નિર્ણય કરવામાં ન આવતા ગ્રામજનો આંદોલનના માર્ગે વળ્યા હતા. જેને પગલે




પોલીસ દોડી આવી હતી. જોકે, આ આંદોલન બાદ એસટી તંત્રના અધિકારીઓ દોડતા થયા હતા અને ગ્રામજનો પાસે આવી બસો ટીંબીમાંથી ચલાવવામાં આવશે તેવી લેખિત બાંહેધરી આપતા ગ્રામજનોએ આંદોલન સમેટી લીધું હતું.

# બાબરાના ભીલડીથી પીરખીજડીયા સુધીનો માર્ગ મંજૂર, કામનો પ્રારંભ

અમરેલી, તા. ૨૮

ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમરની રજૂઆતને પગલે બાબરા તાલુકાના ભીલડીથી પીરખીજડીયા સુધીના માર્ગ માટે રાજ્ય સરકારે રૂ. ૭૦ લાખ મંજૂર કરતા કોંગ્રેસ આગેવાનોએ રોડના કામનો પ્રારંભ કરાવ્યો હતો. બિસ્માર રોડના કારણે પીરખીજડીયા, ભીલડી, ઈંગોરાળા સહિતના ગ્રામજનો



અને વાહન ચાલકોને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હતો. જે બાબતે સ્થાનિક સરપંચો તથા અગ્રણીઓએ ધારાસભ્ય વિરજીભાઈ ઠુંમરને કરેલી રજૂઆતને પગલે રાજ્ય સરકાર દ્વારા રોડના કામને મંજૂરી મળતા ગામના અગ્રણીઓ અને સરપંચના હસ્તે રોડનું કામ શરૂ કરાવવામાં આવ્યું હતું. આ તકે જતીનભાઈ ઠેસીયા, કિશોરભાઈ દેથળીયા, કુલદીપભાઈ બસીયા, અરવિંદભાઈ મેંમકીયા, હરેશભાઈ કરડ સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# અમર ડેરીએ આજથી દૂધની ખરીદીમાં પ્રતિ કિલો ફેટે રૂ. ૨૦નો વધારો કર્યો

અમરેલી, તા. ૨૮

અમરેલી જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. અમર ડેરી દ્વારા જિલ્લાના પશુપાલકોના હિતમાં મહત્વનો નિર્ણય લેવાયો છે. ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી અને કેન્દ્રીય મંત્રી પરશોતમભાઈ રૂપાલા સાથે પરામર્શ કરી અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા દ્વારા આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો







છે. તાજેતરમાં ખાણદાણના ભાવો વધતા પશુપાલકો પશુઓના નિભાવ ખર્ચને પહોંચી વળે અને દૂધના પોષણક્ષમ ભાવો મળે તેવા હેતુથી અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, વા. ચેરમેન મુકેશભાઈ સંઘાણી તથા અમુલ ફેડરેશન દ્વારા દૂધ ખરીદીના ભાવમાં તા. ૧-માર્ચ-૨૦૨૨થી પ્રતિ કિલો ફેટ રૂ. ૨૦નો ભાવ વધારો કરવામાં આવ્યો છે.

# અમરેલીમાં પાણી બાબતે ધમકી આપ્યાની રાવ

અમરેલી, તા.૨૮

અમરેલી શહેરમાં પાણી બાબતે માથાકૂટમાં ધમકી આપ્યાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે. ઝહીરભાઈ કાદરભાઈ ધાનાણી (ઉ.વ.૩૭)એ ફેઝલભાઈ ઈકબાલભાઈ શેખ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, ઝહીરભાઈ તેમના પત્ની સાથે મોબાઈલની દુકાને વેપાર માટે જતા હતા. તે સમયે રસ્તામાં નવરંગ પાનના ગલ્લા પાસે તેમનું મોટર સાયકલ ઉભું રખાવી માથાકૂટ કરી જેમ ફાવે તેમ ગાળો આપી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. અમરેલી સિટી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ યુવરાજભાઈ અનકભાઈ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# લુંઘીયા નજીક ખાલી તળાવમાંથી અજાણ્યા પુરૂષની લાશ મળી

અમરેલી, તા. ૨૮

બગસરાના જૂના ઝાંઝરીયાથી લુંઘીયા જવાના રસ્તે મામાદેવના મંદિર પાસે આવેલ ખાલી તળાવમાંથી અજાણ્યા પુરૂષની



લાશ મળી આવી હતી. આ અંગે બગસરા પોલીસને જાણ થતા પોલીસ દ્વારા મૃતકની ઓળખ મેળવવા મૃતદેહના વર્ણન સાથેની અખબારી યાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. જેમાં જણાવ્યા પ્રમાણે મૃતકની ઉંમર અંદાજે ૪૫-૫૦ જેટલી છે અને ભિક્ષુક જેવો દેખાવ છે. મૃતક અંગેની કોઈ માહિતી હોય તેમણે બગસરા પોલીસનો સંપર્ક સાધવા જણાવાયું છે.

**સરપંચ તથા ગ્રામજનોએ સરકારનો આભાર વ્યક્ત કર્યો**

# જાફરાબાદના બાબરકોટમાં નલસે જલ યોજનાનું ખાતમુહૂર્ત

જાફરાબાદ, તા. ૨૮

બાબરકોટમાં છેલ્લા ઘણા સમયથી પીવાના પાણીની સમસ્યાથી ગ્રામજનો પરેશાન હતા. ત્યારે ગામના પૂર્વ સરપંચ અનકભાઈ સાંખટ દ્વારા છેલ્લા ત્રણેક વર્ષથી ઉચ્ચ કક્ષાએ રજૂઆતો કરવામાં આવી રહી હતી ત્યારે રાજ્ય સરકાર દ્વારા ગામમાં નલસે જલ યોજના અંતર્ગત રૂ. ૨ કરોડ, ૩૦ લાખ જેવી ગ્રાન્ટ ફાળવવામાં આવતા સમસ્ત ગ્રામજનો, પૂર્વ સરપંચ અનકભાઈ સાંખટ, વર્તમાન સરપંચ કૈલાસબેન સાંખટ, ઉપસરપંચ પાંચાભાઈ સાંખટ, બીજલભાઈ સાંખટ સહિતના આગેવાનોની ઉપસ્થિતિમાં



તસ્વીર : બાબુ વાટેળ

કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ગ્રાન્ટ ફાળવવા બદલ રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ કયારેય સસ્તુ ન હોય, સસ્તુ કયારેય શ્રેષ્ઠ ન હોય.

નીર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨

શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી



સંકુલ M.Sc. માઈક્રોબાયોલોજી કોલેજ & M.Sc. બાયોટેક્નોલોજી કોલેજ વ્યવસ્થા
★ બન્ને વિષયમાં FY - SY માં ૧ લી માર્ચ ૨૦૨૨ થી એડવાન્સમાં નવા પ્રવેશ શરૂ થશે.
★ એક સત્રની કોલેજ ફી અને એક સત્રનું હોસ્ટેલ લવાજમ ભરવું
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત-સંસ્થાપિત ★ શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, ચક્કરગઢ રોડ, અમરેલી ★ ફોન.:૦૨૭૯૨-૨૩૨૩૨૧ થી ૨૬ - Ad 174

અક્ષર કલાસીસ - અમરેલી
ઓપન (બિન અનામત), ઓબીસી સંપૂર્ણ ફ્રી
સ્પર્ધાત્મક પરીક્ષાના વર્ગો
તલાટી, કલાર્ક, વગેરે
જય કોમ્પલેક્ષ, બીજો માળ, ગાંધીબાગ પાસે, અમરેલી
મો.૮૭૮૦૮ ૮૯૮૦૫, ૬૩૫૫૭ ૪૧૯૮૪

અમરેલી, બગસરા બાદ હવે દીવમાં...
પ્રોફેશનલ ફેમીલી બોડી સ્પા




Appointment Now } 70169 65665 { બાયપાસ, અમરેલી
Appointment Now } 95378 65665 { ઘોઘલા બીચ, દીવ

તુલસી દેશી મીક્ષ શાકભાજી બીજ
બજારમાં મળતા ઝેરી રસાયણના ઉપયોગથી પાકતા શાકભાજીના બદલે શહેરમાં કિચન ગાર્ડનમાં દેશી બીજનું વાવેતર કરીને પૌષ્ટીકતાવાળા શાકભાજી ઘરે ઉગાડવા દસ (૧૦) પ્રકારના શાકભાજીના દેશી બીજ એકજ પેકીંગમાં ઘર બેઠા મળશે.
કિંમત ૧૩૦/- રૂપિયા
ગુવાર, ભીંડા, રીંગણી, મરચી, કાળી તુવેર, ગલકા, તૂરીયા, દૂધી, કારેલા, વાલોળ
-: ઓર્ડર માટે સંપર્ક :-
પ્રવિણ આસોદરીયા - મો.૯૭૨૫૨ ૨૮૭૭૪
વિરેન્દ્ર આસોદરીયા - મો. ૮૪૬૯૪ ૭૫૫૩૫
મુ.સુડાવડ, તા.બગસરા

જિલ્લામાં નંબર વન સ્થાન ધરાવતું
ઓજસ કલાસીસ-અમરેલી
તલાટીનાં વર્ગો
-:: આખો દિવસ ભણો ::-
માસિક ફી માત્ર રૂ.1000/-
દિપક ભટ્ટ મો. ૯૮૭૯૭ ૬૯૪૫૧

ખુશ ખબર..... ખુશ ખબર..... ખુશ ખબર.....
OREVA® E-BIKE THAT'S HOW YOU CAN SAVE ENVIRONMENT
આથી બાબરા તથા તાલુકાની જનતાને જણાવતા આનંદ થાય છે કે અમોએ આપના શહેરમાં ઈલેકટ્રીક બાઈકની વિશાળ શ્રેણી સાથે શો-રૂમ શરૂ કરેલ છે.
તો આપ કોઈપણ બાઈકની ખરીદી કરતા પહેલા અમારા શો-રૂમની મુલાકાત અવશ્ય લેશો.



પેટ્રોલ ગાડી આપી જાવ ઈલેકટ્રીક ગાડી લઈ જાવ
જુની ગાડી સામે નવી ગાડી
ઈ-બાઈકની વિશેષતાઓ
નો રજીસ્ટ્રેશન
નો પોલ્યુશન
ડીઝીટલ સ્પીડો મીટર
લો- મેન્ટેનેસ
બેટરી ઈન્ડીકેટર
મજબુત બોડી મટીરીયલ્સ
લીથીયમ બેટરી
ઓટોકટ ઓફ ચાર્જીંગ



48 વોલ્ટ 24AM. બેટરી 45-50 Km. રેન્જ
58 વોલ્ટ 28AM. બેટરી 60-65 Km. રેન્જ
85-90 Km. રેન્જ
3.30 કલાક ચાર્જીંગ ટાઈમ
ઈ- બાઈકના સ્પેર પાર્ટસ મળશે.
બેટરી ચાર્જ કરી આપવામાં આવશે.
તમામ કંપનીના ઓઈલ હોલસેલ ભાવે મળશે
સરનામું નોંધી લેશો
શ્યામ ઈલેકટ્રીક બાઈક & ઓઈલ
માર્કેટીંગ યાર્ડ પાસે, રાજકોટ - ભાવનગર હાઈવે, બાબરા. જિ.અમરેલી. મો.૮૪૮૭૯૨૬૯૪૪

અમરેલી જિલ્લાના બે વિસ્તારો

# કડિયાળી, સરંભડા ગામેથી ગેરકાયદે રેતી ખનન ઝડપાયું

## પોલીસની કડક કાર્યવાહી હોવા છતા ખનીજ માફીયાઓ બેફામ

અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લામાં પોલીસે બે જગ્યાએથી ગેરકાયદે રેતી ખનન ઝડપ્યું હતું. રાજુલાના કડિયાળી ગામેથી ચાંચ ગામના હરેશભાઈ શિયાળ (ઉ.વ.૨૨) ટ્રેક્ટરમાં ચાર ટન રેતી ભરીને લઈ જતાં ઝડપાયા હતા. પોલીસે રેતી, ટ્રેક્ટર, ટ્રોલી સહિત ૨,૫૨,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના એએસઆઈ મનસુખભાઈ મકવાણા વધુ તપાસ કરી રહ્યા છે. સરંભડા ગામે શેત્રુંજી નદીના પટમાંથી મુકેશભાઈ દાફડા લીઝ વગર ટ્રેક્ટરની ટ્રોલીમાં બે ટન રેતી ભરીને લઈ જતાં પકડાયા હતા. પોલીસે રેતી સહિત ૧,૫૧,૦૦૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ આર.એ.સીંધવ વધુ તપાસ કરી રહ્યા છે. પોલીસે બંને કેસમાં મળી ૪,૦૩,૦૦૦નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો.પોલીસની કડક કાર્યવાહી છતાં ખનીજ માફીયાઓ બેરોકટોક રેતી ખનન કરી રહ્યાં છે.

# અમરેલીમાં ડ્રિન્ક એન્ડ ડ્રાઈવમાં ૨૧૫ પીધેલા પોલીસની ઝપટે ચડયા

અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લામાં પોલીસે યોજેલી ડ્રિન્ક એન્ડ ડ્રાઈવમાં ૨૧૫ શરાબી ઝડપાયા હતા. જેમાં અમદાવાદ, રાજકોટના શખ્સો પણ સામેલ હતા. દુધાળા ચેક પોસ્ટ પરથી અમદાવાદ, રાજકોટ અને જામનગરના શખ્સ નશામાં ફોર વ્હીલ ચલાવતાં ઝડપાયા હતા.

ચલાલા-ખાંભા રોડ પરથી વરસડાનો યુવક પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલી હાલતમાં ફોર વ્હીલ ચલાવતા પકડાયો હતો. જિલ્લામાં ૫૩ લોકો પાસેથી પીવાનો દેશી દારૂ મળી આવ્યો હતો. બગસરાના માણેકવાડા ગામેથી જુનાગઢ જિલ્લાના મેંદરડા તાલુકાના માલણકા ગામના યુવકની ફોર વ્હીલમાંથી ભારતીય બનાવટના અંગ્રેજી દારૂની બે બોટલ મળી આવી હતી. પોલીસે દારૂ સહિત ૫,૦૨,૦૦૦નો પ્રોહિબીશન મુદ્દામાલ જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

મા ભોમની રક્ષા કરવાનું સ્વપ્ન રોળાયું

# રાજુલાના સમઢીયાળા ગામે આર્મીની તૈયારી કરતાં યુવકે કર્યો આપઘાત

## યુવકના મોતથી બારૈયા પરિવારમાં શોકનો માહોલ

રાજુલા, તા.૨૮

અમરેલી જિલ્લામાંથી અનેક યુવાનો મા-ભોમની રક્ષા કરવા આર્મીમાં જોડાવાના ઈરાદા સાથે પ્રેક્ટિસ કરી રહ્યા છે. આ દરમિયાન રાજુલાના સમઢીયાળા ગામે રહેતો એક યુવક આર્મીમાં જોડાવા તનતોડ મહેનત કરતો હતો છતાં સફળતા ન મળતાં નાસીપાસ થઈ ગયો હતો. જેના કારણે તેણે ગળાફાંસો ખાઈ લેતા ચકચાર મચી ગઈ હતી. આ બનાવ અંગે રમેશભાઈ સોમાતભાઈ બારૈયા (ઉ.વ.૨૯) એ જાહેર કર્યા મુજબ, તેમનો પુત્ર ઘનશ્યામભાઈ (ઉ.વ.૨૨) છેલ્લા ત્રણ વર્ષથી ઈન્ડિયન આર્મીમાં જોડાવાની તૈયારી કરતો હતો. પરંતુ દર વખતે નાપાસ થવાના કારણે હતાશ રહેતો હતો.

બે દિવસ પહેલા તેણે પોતાની મેળે ગળાફાંસો ખાઈ લેતાં મોત નીપજ્યું હતું. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જનકભાઈ એમ ડાંગર વધુ તપાસ કરી રહ્યા છે.

# ખાંભાના આંબલીયાળા ગામે પોલિયો નાબુદી અભિયાન



અમરેલી તા.૨૮

રાજય સરકાર દ્વારા ૦ થી ૫ વર્ષના બાળકો માટે પોલિયો નાબુદી અભિયાન શરૂ કરાયુ છે. ખાંભાના આંબલીયાળા ગામે નાના બાળકોને તાલુકા પંચાયત સદસ્ય પાર્વતીબેન જાદવના હસ્તે પોલિયાના બે ટીપા પીવડાવી અભિયાનનો શુભારંભ કર્યો હતો. વાલીઓએ પણ આ કાર્યમાં સુંદર સહકાર આપ્યો હતો.

# અમરેલીના મોટા ભંડારીયામાં સામાન્ય બાબતમાં ઝઘડો

## મુકેશ રવજી ડાભી સામે પોલીસ ફરિયાદ નોંધાઇ

અમરેલી, તા.૨૮

અમરેલીના મોટા ભંડારિયા ગામે બાપ-દીકરીને ગાળો આપ્યા બાદ ઈજા કર્યાની ફરિયાદ પોલીસ ચોપડે નોંધાઈ છે.

બનાવ અંગે જયેશભાઈ ભવાનભાઈ રાખોલીયા (ઉ.વ.૪૦)એ તેમના જ ગામના મુકેશભાઈ રવજીભાઈ ડાભી સામે ફરિયાદ નોંધાવી છે. જે મુજબ મુકેશભાઈની દીકરીએ તેમની દીકરી સાથે ઝઘડો કરી પછાડી દીધી હતી. જેનું મનદુઃખ રાખી આરોપી તથા બીજા ત્રણ લોકોએ તેમના ઘરે આવી તેમને તથા તેમની દીકરીને ગાળો આપી ઈજા કરી હતી.

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. એમ.સોલંકી વધુ તપાસ કરી રહ્યા છે.

# જિલ્લામાં ત્રણ જગ્યાએથી ૧૦ શકુનીના પાસા અવળા પડ્યા

## જુગારનો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી કરતી પોલીસ

અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લામાં પોલીસે ત્રણ જગ્યાએથી ૧૦ જુગારીને ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી હતી. સાવરકુંડલાના ધજડી ગામેથી ચાર ઈસમો રોકડા ૬૧૦૦ રૂપિયા સાથે ઝડપાયા હતા. અમરેલી શહેરમાં સાવરકુંડલા રોડ રેલવે ફાટક પાસેથી બે શખ્સો રોકડા ૫૬૦ સાથે પકડાયા હતા. રાજુલાના નવા આગરિયા ગામે સીમ વિસ્તાર હાઈવે રોડ પાસે બી.પી.એલ.કોલોનીમાંથી ચાર ઈસમો હાર જીતનો તીન પત્તીનો જુગાર રમતાં રોકડા ૯૨૯૦ સાથે મળ્યા હતા. પોલીસે ત્રણેય જગ્યાએથી મળી ૧૫,૯૫૦ રોકડા રૂપિયા કબ્જે કર્યા હતા. પોલીસે તમામ જુગારીઓને ઝડપી પાડી કાર્યવાહી કરી હતી.

# બાબરામાં પોલિયો રસીકરણનો પ્રારંભ કરાવતા ભાજપ અગ્રણી



અમરેલી તા.૨૮

બાબરા તાલુકા હેલ્થ કચેરી દ્વારા તાલુકા પંથકમાં પોલિયો રસીકણ કેમ્પ યોજાયો હતો. બાબરા શહેર સહીત તાલુકામાં પોલિયો રસીકરણની રવિવારના દિવસે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બાબરા તાલુકા ભાજપ અગ્રણી નિતિનભાઈ રાઠોડના હસ્તે પોલિયો રસીકરણનો પ્રારંભ કર્યો હતો. આ તકે ગળકોટડી સરપંચ વાસુરભાઈ ચૌહાણ ખાખરીયા સરપંચ વિપુલભાઈ કાચેલા,ગણપતભાઈ ભલાણી તેમજ આશાવર્કર બહેનોએ બાળકોને પોલિયાના ટીપા પીવડાવ્યા હતા.


# સાવરકુંડલાના ખડસલી ગામે પોલિયો નાબુદી અભિયાનનો પ્રારંભ કરાયો



અમરેલી તા.૨૮

સાવરકુંડલા તાલુકાના ખડસલી ગામે બાળકોને પોલિયોથી રક્ષણ મળે તે માટે પોલિયો નાબુદી અભિયાનનો પ્રારંભ કરાયો હતો. આ કાર્યક્રમમાં સાંસદ નારણભાઈ કાછડીયાના હસ્તે બાળકોને પોલિયોના ટીપા આપી અભિયાનનો શુભારંભ કરાયો હતો. આ કાર્યક્રમમાં તાલુકા ભાજપ પ્રમુખ જીવનભાઈ વેકરીયા, ચેતનભાઈ માલાણી, બી.એમ. ચોવટીયા, અતુલભાઈ રાદડીયા, આરોગ્ય ઓફિસર ડો. સુધીરભાઈ, રીપલબેન મહેતા, આંગણવાડી આશાવર્કર બહેનો, મનસુખભાઈ બોરડ, મુકેશભાઈ માલાણી, શૈલેશભાઈ માલાણી, પ્રવિણભાઈ પટેલ, હિંમતભાઈ ડોંગા, જયસુખભાઈ બોરડ હાજર રહ્યાં હતાં.

# રાજુલાના શિવભક્ત ૧૧૪મી વખત પગપાળા સોમનાથ જશે



રાજુલા તા.૨૮

આગામી તા.૧ના રોજ મહાશિવરાત્રીનુ પાવન પર્વ આવનાર હોય ત્યારે શિવ ભક્તોમાં અનેરો થનગનાટ જોવા મળી રહ્યો છે. શિવરાત્રી પર્વ પર સોમનાથ મહાદેવના મંદિરે ભાવિકોનું ઘોડાપૂર ઉમટશે. આ પાવન પ્રસંગે રાજુલામાં રહેતા શિવભક્ત દિપકભાઈ ઠેકેદાર તા.૨ ના રોજ બપોરના ૧૨ કલાકે શહેરના કોટેશ્વર મહાદેવ મંદિરેથી ૧૩૫ કિલોમીટરનું અંતર કાપી પગપાળા સોમનાથ મંદિરે જઈ શિશ ઝુકાવશે. શિવભક્ત છેલ્લા ૨૦ વર્ષમાં ૧૧૩ વખત સોમનાથ મંદિરની પદયાત્રા કરી ચૂકયા છે.

# મુખ્યમંત્રી સાથે કાર્યકર્તા સંવાદમાં લીલીયા તાલુકા ભાજપ મહામંત્રીની રજૂઆત



અમરેલી તા.૨૮

અમરેલી ખાતે ગરીબ કલ્યાણ મેળામાં પધારેલા મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ગરીબોને સાધન સહાય અર્પણ કર્યા બાદ ભાજપના કાર્યકર્તાઓ સાથે સંવાદ કાર્યક્રમ યોજાયો હતો.કાર્યકર્તા સેવા કાર્યક્રમમાં મુખ્યમંત્રીને કાર્યકર્તાઓએ રજૂઆત કરી હતી.

આ કાર્યક્રમમાં લીલીયા તાલુકા ભાજપ મહામંત્રી જીજ્ઞેશ સાવજે મુખ્યમંત્રીને રજૂઆત કરી જણાવ્યુ હતુ કે, વિધવા સહાય યોજનામાં પરિવારના તમામ સભ્યોના આવકના દાખલા માંગવામાં આવે છે ત્યારે જો ફક્ત વિધવા મહિલાની આવકનો દાખલો માંગવામાં આવે તો વિધવા મહિલાઓને સહાય મળી શકે. તેમજ ખેતીકામ માટે તળાવમાંથી માટી ઉપાડવામાં આવે તો ખેત ઉત્પાદનમાં વધારો થાય અને તળાવ ઉંડા થવાથી પાણીનો સંગ્રહ થાય તો આ પ્રશ્નોનું તાત્કાલિક નિરાકરણ કરવામાં આવે તેવી અંતમાં રજૂઆત કરવામાં આવી હતી.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૮, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઇસ્લામીક સંવત-૧૪૪૩, તા. ૦૧-૦૩-૨૦૨૨, મંગળવાર, તિથિઃ ચૌદશ સૂર્યોદય-૦૭:૦૫, સૂર્યાસ્ત-૦૬:૩૮૯, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર : ધનિષ્ઠા

## દૈનિક રાશિફળ

તા.૦૧-૦૩-૨૦૨૨ મંગળવાર

- મેષ(અ.લ.ઈ.)નોકરીમાં પ્રમોશનના યોગ જણાય છે,શેર સટ્ટાથી દૂર રહેવું-નુકસાન કરાવશે.
- વૃષભ(બ.વ.ઉ.)દામ્પત્ય જીવનમાં અણબનાવો દૂર થશે,મકાન વાહન ખરીદવાનો અવસર મળશે.
- મિથુન(ક.છ.ઘ.)નોકરીયાત વર્ગને જવાબદારીમાં વધારો થશે,માનસિક તનાવમાંથી મુક્ત થવા પ્રયાસ કરવો.
- કર્ક(ડ.હ.)ભાગીદારીવાળા ધંધામાં લાભ થાય,પ્રેમ પ્રસંગોમાં સાનુકૂળતા જણાય.
- સિંહ(મ.ટ.)પ્રશંસનીય કાર્ય થવાની સંભાવના છે,કૌટુંબિક સંબંધોમાં સુધારો જોવા મળે.
- કન્યા(પ.ઠ.ણ.)સંતાનોની ચિંતામાં સમાધાન મળશે,અજાણ્યા લોકો સાથે રોકાણમાં ધ્યાન રાખવું.
- તુલા(ર.ત.)આર્થિક બાબતે સંકડામણ અનુભવશો,ઉઘરાણી ઉપર પૂરતું ધ્યાન આપવું.
- વૃશ્ચિક(ન.ય.)કૌટુંબિક પ્રેમભાવમાં વૃદ્ધિ થશે,નવી ઓળખાણો દ્વારા લાભ થશે.
- ધન(ભ.ધ.ફ.ઢ.)આપના મનમાં ઉચાટ ઉદ્વેગ રહ્યા કરશે,માનસિક અશાંતિનો અનુભવ થશે.
- મકર(ખ.જ.)રોકાયેલા અધુરા કાર્યો પૂરા થશે,આર્થિક સંકડામણ ઓછી થશે.
- કુંભ(ગ.સ.શ.ષ.)સકારાત્મક વિચારોથી સારો લાભ થશે,વેપાર-ધંધામાં સારો લાભ જણાશે.
- મીન(દ.ચ.ઝ.થ.)આર્થિક સંકડામણ દૂર કરવાના રસ્તા મળશે,પ્રવાસ અને નવી મુલાકાતથી લાભ જણાશે.

# ગાવડકા ગામે પાવર હાઉસ પાસેથી રેતી ચોરી ઝડપાઈ

અમરેલી, તા.૨૮

ગાવડકા ગામે પાવર હાઉસની સામે કાચા રસ્તેથી પોલીસે લીઝ વગર રેતી ભરીને લઈ જતું ટ્રેક્ટર ઝડપી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

ગાવડકા ગામે રહેતા અનીલભાઈ મનસુખભાઈ બાજરીયા (ઉ.વ.૨૨) ગાવડકા ગામની શેત્રુંજી નદીમાંથી પાસ પરમીટ કે લીઝ રોયલ્ટી વગર ટ્રેક્ટરમાં રેતી ચોરીને લઇ જતાં હતા ત્યારે ઝડપાયા હતા. રેતી, ટ્રેક્ટર, ટ્રોલી સહિત ૨,૦૦૨,૨૫૦ રૂપિયાનો મુદ્દામાલ અમરેલી તાલુકા પોલીસે જપ્ત કરી ધોરણસરની કાર્યવાહી કરી હતી.

# રાજ્યમાં ભાજપના નેતાઓએ કોલસા કૌભાંડમાં હાથ કાળા કર્યા : મનીષ ભંડેરી

અમરેલી, તા.૨૮



રાજ્યમાં ભાજપ નેતાઓએ કોલસા કૌભાંડમાં કાળા હાથ કર્યાનો અમરેલી તાલુકા કોંગી પ્રમુખ મનીષ ભંડેરીએ આક્ષેપ કર્યો છે. મનીષ ભંડેરીએ જણાવ્યું છે કે, ઓલ ઈન્ડિયાની ખાણોમાંથી આવતો કોલસો નાના વેપારી અને લઘુઉદ્યોગોને વેચવાને બદલે મોટી એજન્સીઓને વેંચી ભાજપ નેતાઓએ મસમોટો નફો મેળવવા માટે આ કૌભાંડ આચર્યું છે.

# રાજુલા ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ, ઉપપ્રમુખની વરણી કરાઇ

રાજુલા, તા. ૨૮

રાજુલા ભાજપ બક્ષીપંચ મોરચાની કારોબારીની રચના કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે કાનાભાઇ ભરવાડ તથા ઉપપ્રમુખ તરીકે દિનેશભાઇ ક્વાડની વરણી કરવામાં આવતા આગેવાનોએ આ વરણીઓને આવકારી હતી અને નવનિયુક્ત હોદ્દેદારોને અભિનંદન પાઠવ્યા હતા. બક્ષીપંચ મોરચાની કારોબારીમાં પ્રતાપભાઈ બેપારીયા, દુલાભાઈ લાખણોત્રા, હરેશભાઇ કાછડ, રમેશભાઇ સાંખટ, મનોજભાઇ જોષી, સંજયભાઇ ધુધળવા, માધુભાઇ વોરા, અરજણભાઇ કાકલોતર સહિતની વરણી કરવામાં આવી હતી.

# સા.કુંડલામાં ધંધામાં નુકસાની જતાં યુવકે ઝેરી દવા પીધી

સાવરકુંડલા, તા.૨૮

સાવરકુંડલામાં ધંધામાં નુકસાની જતાં એક યુવકે ઝેરી દવા પીધી હતી. જેના કારણે તેનું મોત થયું હતું. આ બનાવ અંગે ઉન્નડભાઈ વીરાભાઈ બસીયા (ઉ.વ.૪૫)એ જાહેર કર્યા મુજબ તેમના પુત્ર ભરતભાઈ બસીયા (ઉ.વ.૨૧)ને ધંધામાં નુકસાની ગઈ હતી. જેના કારણે લાગી આવતાં પોતાની મેળે ઝેરી દવા પી લેતા મોત થયું હતું.

# મીયા ખીજડીયાના પ્રૌઢને ફોરવ્હીલે ઉડાવતાં કરૂણ મોત

બાબરા, તા.૨૮

બાબરાના મીયા ખીજડીયાના પ્રૌઢ લ્યુના લઈને આવતા હતા ત્યારે કારે તેમને અડફેટે લેતા મોત થયું હતું. જે અંગે વિપુલભાઈ પરમારે જાહેર કર્યા મુજબ, તેમના પિતા કાનાભાઈ કર્ણુકીના પાટીયા પાસેથી લ્યુના લઈને પસાર થતા હતા ત્યારે કારચાલકે તેમને અડફેટે લીધા હતા. જેમાં તેમને ઈજા થવાથી મોત નીપજ્યું હતું.

# દહીંથરા ગામેથી શંકાસ્પદ ઓઈલના ૩૩ બેરલ મળ્યાં

દામનગર, તા.૨૮

દહીંથરા ગામે ક્રિષ્ના સ્ટોન ક્વોરીમાંથી શંકાસ્પદ ઓઈલના ૩૩ બેરલ મળ્યા હતા. ૩૫૦૦ લીટર ઓઈલનો જથ્થો બિલમાં દર્શાવ્યા મુજબ ઉપયોગમાં લેવાનો હતો કે કેમ તથા કોઈ ભેળસેળ કરવામાં આવી છે કે તેમ તેની ચકાસણી માટે એફએસએલમાં મોકલવામાં આવ્યો છે. દામનગર પોલીસ સ્ટેશનના સબ ઈન્સ્પેક્ટર એચ.એચ.સેગલીયા વધુ તપાસ કરી રહ્યા છે.



બાબરા તાલુકાના ચમારડી ગામે

# કેન્દ્રીયમંત્રી પરશોતમભાઈ રૂપાલાની ઉપસ્થિતિમાં સ્નેહમિલન કાર્યક્રમ

અમરેલી, તા. ૨૮

બાબરા તાલુકાના ચમારડી ગામે કેન્દ્રીય મંત્રી પરશોતમભાઈ રૂપાલા ગોપાલભાઈ વસ્તરપરાના મહેમાન બન્યા હતા. જેમાં ચમારડીથી કાગવડ સુધીના તમામ ગામના સ્વયંસેવકો, બાબરા તાલુકા ભાજપના આગેવાનો તથા તમામ ગામના સરપંચોનો સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. આ તકે સાંસદ નારણભાઈ કાછડીયા સહિતના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



તસ્વીર : વિજય માળી

# અમરેલી તાલુકાના બે માર્ગો માટે રૂ.૧૨,૭૦૦ લાખની રકમ મંજૂર

ટૂંક સમયમાં જ રોડ બનાવવાની કામગીરીનો પ્રારંભ કરવામાં આવશે

અમરેલી, તા. ૨૮

અમરેલી તાલુકાના બે માર્ગોના કામો માટે રાજ્ય સરકાર દ્વારા રૂ. ૧૨,૭૦૦ લાખ જેવી રકમ મંજૂર કરવામાં આવી છે. જે રોડના કામો માટે ટેન્ડરીંગ પ્રક્રિયા ટૂંક સમયમાં જ પૂર્ણ કરી મંજૂર થયેલ માર્ગની કામગીરી ઝડપથી શરૂ કરવામાં આવનાર છે, તેમ ધારાસભ્ય પરેશભાઈ ધાનાણીએ જણાવ્યું હતું.

ધારાસભ્ય પરેશભાઈ ધાનાણીની રજૂઆતને ધ્યાને લઈ રાજ્ય સરકાર દ્વારા અમરેલી તાલુકાના અમરેલી-ચિતલ-બાબરા રોડ અને અમરેલી-ચલાલા રોડને ૧૦ મીટર પહોળો કરવા રૂ. ૧૨,૭૦૦ લાખ જેવી માતબર રકમ ફાળવાઈ છે.

# સાવરકુંડલા ડાયમંડ એસો.ના પ્રમુખ તરીકે કરશનભાઈ ડોબરીયાની વરણી

અમરેલી, તા. ૨૮

અમરેલી ખાતે ડાયમંડ એસોસિએશનની મળેલી મિટિંગમાં સાવરકુંડલા ડાયમંડ એસોસિએશનના પ્રમુખ તરીકે કરશનભાઈ ડોબરીયાની વરણી કરવામાં આવી હતી. જ્યારે ઉપપ્રમુખ તરીકે શામજીભાઈ સોલંકી, મંત્રી તરીકે ઘનશ્યામભાઈ ઠુંમર, ખજાનચી તરીકે દેવરાજભાઈ નાવડીયાની વરણી કરાઈ હતી.આ તકે લલીતભાઈ ઠુંમર, કાળુભાઈ સુહાગીયા, મુળજીભાઈ પાનેલીયા સહિતના હીરા ઉદ્યોગના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ વરણીઓને દેવચંદભાઈ કપોપરા, દિપકભાઈ બોઘરા, ધીરૂભાઈ વઘાસીયા સહિતના આગેવાનોએ આવકારી છે.



# ઈશ્વરીયા ગામે પોલીયો નાબુદી કાર્યક્રમનો પ્રારંભ



અમરેલી, તા. ૨૮

રાજ્યના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા પોલીયો દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે ઈશ્વરીયા ગામે કેન્દ્રીય મંત્રી પરશોતમભાઈ રૂપાલાની ઉપસ્થિતિમાં ૦થી ૫ વર્ષના બાળકોને પોલીયોના ટીપા પીવડાવી પોલીયો નાબુદી કાર્યક્રમનો પ્રારંભ કરવામાં આવ્યો હતો.

# નવી શિક્ષણ નીતિમાં વિવિધ પ્રવૃત્તિઓ ઉમેરવા વડાપ્રધાનને પત્ર પાઠવ્યો

અમરેલી, તા. ૨૮

વિદ્યાર્થીઓમાં રાષ્ટ્ર ભાવનાનો વિકાસ થાય તે માટે નવી શિક્ષણ નીતિમાં એનસીસી, એનએસએસ, સ્કોટ એન્ડ ગાઈડ ફરજિયાત કરવા પિયાવાના નાગરિક ચિરાગભાઈ હીરપરાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર પાઠવી રજૂઆત કરી છે. તેમણે જણાવ્યું કે, વિશ્વના વિકસીત દેશોમાં દરેક બાળકોમાં નાનપણથી જ રાષ્ટ્રભાવના વિકસે તે માટે શાળા કક્ષાએથી વિવિધ પ્રવૃત્તિઓ, મિલટ્રી તાલીમ વગેરે કરાવવામાં આવે છે. ત્યારે ભારતમાં પણ નવી શિક્ષણ નીતિમાં આ પ્રવૃત્તિઓ ફરજિયાત કરવામાં આવે.



# બાબરાના તાપડીયા આશ્રમ ખાતે બ્રહ્મચોર્યાસી યોજાશે

બ્રહ્મજનોને સહપરિવાર બ્રહ્મભોજન પ્રસાદ લેવા આશ્રમના મહંતનું નિમંત્રણ

બાબરા, તા. ૨૮

બાબરાના તાપડીયા આશ્રમ ખાતે આગામી ૨-માર્ચ ને બુધવારના રોજ બ્રહ્મચોર્યાસીનું આયોજન કરાયું છે. બપોરે ૧૨:૩૦ કલાકે બ્રહ્મચોર્યાસીનો પ્રારંભ કરવામાં આવનાર છે. ત્યારે તાપડીયા આશ્રમના મહંત ઘનશ્યામ દાસજી મહારાજ ગુરૂ દયારામ દાસજી મહારાજ દ્વારા સર્વે બ્રહ્મ દેવતાઓને સહપરિવાર બ્રહ્મ ભોજન પ્રસાદ લેવા પધારવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



# ધારી યાર્ડ ખાતે આજથી ચણા, તુવેરની ખરીદીનો પ્રારંભ થશે



અમરેલી, તા. ૨૮

ધારી માર્કેટિંગ યાર્ડ ખાતે આજરોજ તા. ૧ ને મંગળવારથી તુવેર અને ચણાની ખરીદીનો સવારે ૭:૩૦ કલાકથી કેન્દ્રીય મંત્રી પરશોતમભાઈ રૂપાલા અને દિલીપભાઈ સંઘાણીના હસ્તે પ્રારંભ કરાશે. તેમ, માર્કેટિંગ યાર્ડના ચેરમેન મનસુખભાઈ ભુવાની યાદીમાં જણાવાયું છે.

ધારાસભ્ય જે.વી. કાકડીયા સહિત અગ્રણીઓની ઉપસ્થિતિ વચ્ચે

# બજરંગ ગૃપ દ્વારા ધારી ખાતે વિનામૂલ્યે દંતયજ્ઞ યોજાયો

અમરેલી, તા. ૨૮

બજરંગ ગૃપના સહયોગથી જલારામ મંદિર ગ્રીનફોર્ડ લંડન અને ડિવાઈન ચેરિટેબલ ટ્રસ્ટ-રાજકોટ દ્વારા ધારી રેલવે ફાટક પાસે વિનામૂલ્યે દંતયજ્ઞ કાર્યક્રમ યોજાયો હતો. દંતયજ્ઞ કેમ્પમાં જરૂરિયાતમંદ દર્દીઓને નવી બત્રીસી અર્પણ કરવામાં આવી હતી. આ કેમ્પમાં ધારાસભ્ય જે.વી. કાકડીયા, પરેશભાઈ પટણી, જિગ્નેશગીરી ગોસાઈ, હર્ષદભાઈ રાવળ, ધર્મેન્દ્રભાઈ લહેરૂ સહિત ડોક્ટરો હાજર રહ્યા હતા.



# પોલીયો દિવસની ઉજવણી કરતા મોટા ઝીંઝુડાના સરપંચ



અમરેલી, તા. ૨૮

સાવરકુંડલાના મોટા ઝીંઝુડા ગામે સરપંચ પંકજભાઈ ઉનાવા દ્વારા પોલીયો દિનની ઉજવણી કરવામાં આવી હતી. તેમણે ગામના ૩ સેન્ટરો પર જઈ ૦થી ૫ વર્ષના બાળકોને પોલીયોના બે ટીપા પીવડાવી અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. આ તકે પ્રવિણભાઈ ગુજરવાડીયા, નીતિનભાઈ વિંઝુડા સહિતનાઓએ જહેમત ઉઠાવી હતી.

# હોમગાર્ડ યુનિટ ચિતલ દ્વારા ૭૯મા નેત્રયજ્ઞનું આયોજન

અમરેલી, તા. ૨૮

રણછોડદાસ હોસ્પિટલ, રાજકોટ અને વિદ્યાભારતી ટ્રસ્ટ, ચિત્તલ આયોજિત ૭૯મા નેત્રયજ્ઞનું હોમગાર્ડ યુનિટ ચિતલ દ્વારા આયોજન કરાયું હતું. કાર્યક્રમના અધ્યક્ષ તરીકે જિલ્લા કમાન્ડન્ટ અશોક જોષી ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પનો બહોળી સંખ્યામાં દર્દીઓએ લાભ લીધો હતો. આ તકે નરેશ રાજ્યગુરૂ, કાર્તિક ભટ્ટ, પ્રવિણ સાવજ, શરદ સાપરીયા, ગુણવંતભાઈ તેરૈયા, સુરેશભાઈ પાથર, મનુભાઈ દેસાઈ, લાલભાઈ દેસાઈ, જે.બી. દેસાઈ, જયંતીભાઈ દેસાઈ સહિતનાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત કુ. હંસાબેન મકાણી (સ્ટાફ ઓફિસર લીગલ જિલ્લા હોમગાર્ડ કચેરી)ને મહામહિમ રાષ્ટ્રપતિ મેડલ મેળવવા બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા.



# લીલીયા મોટા ખાતે જ્ઞાનગંગા ભવન સેવા કેન્દ્રમાં ૮૬મી ત્રિમૂર્તિ શિવ જયંતીની ઉજવણી

અમરેલી, તા. ૨૮

પ્રજાપિતા બ્રહ્મકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય દ્વારા આયોજિત લીલીયા મોટા જ્ઞાનગંગા ભવન સેવા કેન્દ્રમાં ૮૬મી ત્રિમૂર્તિ શિવ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સંસ્થાના ચંપાબેન તથા યોગીતાબેન સમરપીત દ્વારા મહાશિવરાત્રિનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. આ તકે મોટી સંખ્યામાં ભાઈઓ-બહેનો ઉપસ્થિત રહ્યા હતાં.



# વડીયામાં પોલીયો રવિવારની ઉજવણી

વડીયા, તા. ૨૮

દેશભરમાં પોલીયો રવિવાર અંતર્ગત ૦થી ૫ વર્ષના બાળકોને પોલીયોના બે ટીપા પીવડાવવામાં આવ્યા હતા. જેમાં વડીયા ખાતે પણ પોલીયો રવિવારની ઉજવણી કરાઈ હતી અને શહેરને પોલીયો મુક્ત રાખવા સરપંચ મનીષભાઈ ઢોલરીયા દ્વારા પોલીયોની કામગીરીનો પ્રારંભ કરાવાયો હતો.



# કર્મચારીઓ માટે જૂની પેન્શન યોજનાનો અમલ કરવાની માંગ કરતા પરેશ ધાનાણી

અમરેલી, તા. ૨૮

રાજ્યના સરકારી કર્મચારીઓ ૩૦થી ૪૦ વર્ષ જેટલો સમય પોતાની ફરજમાં વિતાવતા હોય, ત્યારે તેમની નિવૃત્તિ બાદ તેમને આર્થિક રીતે મદદ થાય તે રીતે જૂની પેન્શન યોજના અમલ કરવાની ધારાસભ્ય પરેશભાઈ ધાનાણીએ માંગ કરી છે.

પરેશભાઈ ધાનાણીએ જણાવ્યું કે, નિવૃત્તિ બાદ કર્મચારીઓને આર્થિક સુરક્ષા મળી રહે તે માટે પેન્શન ચૂકવવામાં આવતું હતું. નિવૃત્ત કર્મચારીના મૃત્યુ બાદ તેમના સભ્યોને પણ પેન્શનની સુવિધાનો લાભ મળતો હતો. પરંતુ ૧-જાન્યુ. ૨૦૦૪થી નવી પેન્શન યોજના લાગુ કરવામાં આવતા આ પેન્શન યોજનામાં નિવૃત્તિ સમયે કર્મચારીઓને નજીવુ પેન્શન મળતું હોવાથી કર્મચારીઓને ઘર ચલાવવાના પણ ફાફાં પડી રહ્યા છે.




૨૦૨૨ના નવા મોડલ તે પણ જુના ભાવે

0% ચાર્જ
0% ડાઉન પેમેન્ટ
ફક્ત રૂા.૧ ભરીને વસાવો AC
ફ્રિ ફીટીંગ
ફ્રિ ટ્રાન્સપોર્ટ
ઉનાળાની સિઝનમાં ગરમીથી રાહત મેહુલ સેલ્સના સથવારે

TRUVISON IT'S GOT SOUL
EUREKA FORBES
HITACHI
LLOYD
TCL
IFB
VESTAR
GENERAL
Panasonic
MITSUBISHI ELECTRIC AIR CONDITIONING SYSTEMS
VOLTAS
SAMSUNG
BAJAJ FINSERV સરળ હપ્તે
Whirlpool

મેહુલ સેલ્સ & સર્વિસ

સ્થળ - નાના બસસ્ટેન્ડ પાસે, પાટીદાર કોમ્પ્લેક્ષ,બાબરા, મો.૯૯૨૫૯ ૩૩૩૫૯


**મહે.જાફરાબાદના જ્યુ.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં, મું.જાફરાબાદ**

ફો.પ.અ.નં.૧૯/૨૦૨૨
મુદત તા.૨૮/૦૩/૨૦૨૨

અરજદાર: લલીતાબેન સુરેશભાઈ સોંલકી
રહે. જાફરાબાદ, તા. જાફરાબાદ, જી. અમરેલી.

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી/ચીફ ઓફિસરશ્રી,
નગરપાલિકા કચેરી, જાફરાબાદ, તા. જાફરાબાદ, જી. અમરેલી
અરજદારનાં વિ.વકીલશ્રી: દિલીપભાઈ એન.બારૈયા

**જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત અરજદારે તેમના **પુત્રી ધૃપ્તી સુરેશભાઈ સોલંકીનાઓનો જન્મ તા.૨૯/૧૨/૨૦૦૭** ના રોજ મોજે ગામ: **જાફરાબાદ**, તા. જાફરાબાદ મુકામે થયેલ અને તેની જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનીયમની કલમ-૧૧ તથા ૧૩ મુજબ હાલની અરજ કરેલ છે. જેથી અરજદારની માંગણી મુજબ તેઓના **પુત્રીની જન્મ અંગેની નોંધ** કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનું કારણ દર્શાવવા **મુદત તા.૨૮/૦૩/૨૦૨૨ના** રોજ કલાક **૧૦:૩૦** વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે. આથી જે કોઈ ઈસમ તથા સરકારી/અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યક્તિ, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહું અરજી સામે વાંધો કે તકરાર હોય તો તેઓએ સદરહું મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા પોતાના માહીતગાર વકીલ/મુખત્યાર મારફતે અત્રેની કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૫ મી, માહે ફેબ્રુઆરી, સને ૨૦૨૨ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યું.

| તૈયાર કરનાર | કોર્ટનો સિક્કો | મુકાબલ કરનાર | હુકમથી, |
|---|---|---|---|
| સહી, | | સહી, | સહી, |
| (એસ.આર.ભંમર) આસીસ્ટન્ટ | | (આર.એચ.વાજા) આસીસ્ટન્ટ | (બી.એલ.મહેતા) રજીસ્ટ્રાર જાફરાબાદ |

વિશાળ સંખ્યામાં ટ્રસ્ટીગણ અને યુવાનો દર્શનયાત્રામાં જોડાયા

# અમરેલી શહેર કાબરિયા પરિવારના યુવાનો દ્વારા ખોડિયાર માતાને ધ્વજારોહણ

અમરેલી, તા. ૨૮

અમરેલી શહેર કાબરિયા પરિવારના યુવાનો દ્વારા સાવરકુંડલા મુકામે બિરાજતા કુળદેવી ખોડિયાર માતાજીના દર્શન સાથે ધ્વજારોહણ અને મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિશાળ સંખ્યામાં ટ્રસ્ટીગણ અને યુવાનો દર્શનયાત્રામાં જોડાયા હતા. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કાબરિયા પરિવાર યુથ દ્વારા કરવામાં આવ્યું હતું. બહોળી સંખ્યામાં પરિવારજનો વાહનો સાથે જોડાયા હતા અને ખોડિયાર માતાનું પૂજનઅર્ચન કર્યું હતું.



તંત્રી સ્થાનેથી

# રશિયાના અર્થતંત્ર પર પ્રહાર: ભારત સહિત તમામ દેશો પણ પ્રભાવિત

યુદ્ધની અસર માત્ર યુક્રેન પર જ થઈ છે એવું નથી. આની બહુ વ્યાપક અસરો ઓછા વત્તા પ્રમાણમાં વિશ્વના તમામ દેશો પર પડી ચુકી છે. યુક્રેન સામે યુદ્ધની જાહેરાતથી માત્ર યુક્રેનને જ મસમોટું નુકસાન નથી થઈ રહ્યું. મહાસત્તા રશિયાને પણ આર્થિક મોરચે હવે નુકસાન થઈ રહ્યું છે. SWIFTમાંથી બાકાત અને પ્રોજેક્ટો ૨૬ સહિતના અનેક પ્રતિબંધો લદાતા રશિયાના ચલણમાં ડોલરની સામે મસમોટો ઘટાડો જોવા મળી રહ્યો છે. રશિયાએ નાટોની જીદ પકડી બેઠેલા યુક્રેન સામે યુદ્ધની જાહેરાત કરતા સમગ્ર વિશ્વ પુતિનના આ આકરા વલણની સામે વિરોધ દર્શાવી રહ્યું છે. રશિયા સામે અનેક દેશોએ આર્થિક પ્રતિબંધો લાદવાનું શરૂ કર્યું છે. રશિયા સામે મોરચો માંડતા બ્રિટિશ પેટ્રોલિયમે પણ રશિયાની દિગ્ગજ ઓઈલ કંપનીને બાનમાં લીધી છે. બ્રિટિશ પેટ્રોલિયમે રોસનેફ્ટમાં ૧૯.૭૫% હિસ્સેદારી વેચી છે. રશિયાની મહાકાય ઓઈલ કંપની જેનું ગુજરાત કનેક્શન પણ છે તેમાં બીપીએ પોતાનો હિસ્સો વેચી દીધો છે. બ્રિટિશ પેટ્રોલિયમના બોર્ડે રવિવાર, ૨૭ ફેબ્રુઆરીએ જાહેરાત કરી હતી કે કંપની ૨૦૧૩થી તેમની પાસે રહેલા ૧૯.૭૫ ટકા હિસ્સાના વેચાણ સાથે રોસનેફ્ટમાંથી બહાર નીકળી જશે. એક સત્તાવાર નિવેદનમાં કંપનીએ કહ્યું, "બીપીના મુખ્ય કાર્યકારી અધિકારી બર્નાર્ડ લૂની તાત્કાલિક અસરથી રોઝનેફ્ટના બોર્ડમાંથી રાજીનામું આપી રહ્યા છે." બીપી દ્વારા નોમિનેટ કરાયેલા અન્ય ડિરેક્ટર, બીપી ગ્રુપના ભૂતપૂર્વ સીઈઓ બોબ ડુડલી પણ બોર્ડમાંથી રાજીનામું આપી રહ્યા છે. બીપીનું પગલું રશિયા અને યુક્રેન વચ્ચે ચાલી રહેલા યુદ્ધ દરમિયાન રશિયા વિરુદ્ધ એક મોટો કોર્પોરેટ નિર્ણય છે. રશિયન મિલિટ્રીને ઈંધણ પુરુ પાડતી કંપનીઓમાં રોસનેફ્ટનું નામ ટોચ પર છે. રોસનેફ્ટમાં રશિયાની સરકારનો ૪૦% હિસ્સો છે. આ પગલાંથી બીપીને જ ૨૫ અબજ ડોલરનું નુકસાન થવાની આશંકા છે. ગત સપ્તાહના ગુરૂવારના કડાકા અને શુક્રવારના રીબાઉન્ડ બાદ આજે ફરી નવા સપ્તાહના નવા સત્રમાં રશિયન કરન્સીમાં મસમોટું ગાબડું જોવા મળી રહ્યું છે. રશિયન રૂબલ ડોલરની સામે સોમવારના શરૂઆતી સત્રમાં ૪૧%ના કડાકે ૧૧૭ પ્રતિ યુએસ ડોલરના લેવલ સુધી ગગડ્યો હતો. જોકે, બાદમાં સેન્ટ્રલ બેંકની એક જાહેરાતને પગલે તેમાં સુધારો જોવા મળ્યો છે. રશિયન ચલણના ઘસારાને અટકાવવા, વિદેશમાંથી પરત ખેંચાતા ફંડને અટકાવવવા માટે સેન્ટ્રલ બેંકે સોમવારે જાહેરાત કરી હતી કે તે દેશના મુખ્ય વ્યાજદરને ૯.૫ ટકાથી વધારીને ૨૦ ટકા કરી રહી છે. રશિયન સેન્ટ્રલ બેંકના આ નિર્ણય બાદ રશિયાની કરન્સી રૂબલ સુધરીને ૯૯ ડોલરના સ્તરે આવ્યો છે પરંતુ આજના દિવસમાં હજી પણ ૨૦%નો કડાકો રશિયન રૂબલમાં જોવા મળી રહ્યો છે. યુક્રેન સામે છેડેલા જંગને કારણે અર્થવ્યવસ્થાને મોટાપાયે નુકસાન થઈ રહ્યું છે. આ નુકસાન સામે ઈકોનોમીને સપોર્ટ આપવા માટે રશિયાએ વ્યાજદર બમણાંથી પણ વધુ કર્યા છે. સોમવારના એક અહેવાલ અનુસાર રશિયાની સેન્ટ્રલ બેંકે મુખ્ય વ્યાજદરને વધારીને ૨૦ ટકા કર્યા છે. આની વ્યાપક અસર ભારતીય અર્થતંત્ર પર પણ પડી રહી છે. આ યુદ્ધના કારણે આપણા દેશમાં મોંઘવારી આસમાને પહોંચી જશે. જેની સીધી અસર ગરીબ અને મધ્યમ વર્ગ પર પડશે.

# સૌરાષ્ટ્રનો પાણી પ્રશ્ન હવે ભૂતકાળ બની જશે

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

સૌરાષ્ટ્રમાં કયાયં બારમાસી વહેતી નદી નથી. વિકાસનો મુખ્ય આધાર ખેતી છે અને ખેતી વરસાદ આધારિત છે. અધૂરામાં પૂરું દરિયાતટ નજીકની જમીન ક્ષારયુક્ત છે, તો મધ્ય સૌરાષ્ટ્રની ઉપરવાસની જમીન ખડકાળ છે. પ્રકૃતિનો પ્રકોપ વહોરતી આ ધરામા ખેતીની ઉપજ પાંખી રહેતાં ખેતમજૂરોને આખું વર્ષ રોજીરોટી મળતી નથી. સ્થળાંતર કર્યા વિના બીજો ઉપાય રહેતો નથી. સૌરાષ્ટ્રમાંથી રોજીરોટી માટે સ્થળાંતર કરતા અગરિયા, માલધારી અને પઢારોની વ્યથા અત્યંત દારુણ છે. આજથી ચારેક દાયકા પહેલાં સૌરાષ્ટ્રની ગૌરવગાથામાં ગવાતું કે " નદીયું, ખળકે નિરઝળાં - મલકતાં પીએ માલ ચાર પગાં ચરતાં ફરે જ્યાં કદી ના આંગણ કાળ" તેવા પ્રદેશોમાં હવે નર્મદાના પાણી પહોંચી રહયા છે, આમ છતાં પાણીના અભાવે ખંભાતના અખાતના ઉપરવાસે વલ્લભીપુર અને ગઢડા તાલુકા સાથે જોડાયેલ ગામો, મધ્ય સૌરાષ્ટ્રની સખત ભોં ઉપર વસેલાં અમરેલી અને રાજકોટ જિલ્લાના ઘણા ગામડાંઓમાં આજે સ્થાનિક રીતે પાણીનો કોઈ સ્રોત નથી. પરંતુ નર્મદાના જલથી સૌરાષ્ટ્રના ડેમો ભરાતા હવે આ પરિસ્થિતિમાં ઘણો સુધારો થયો છે. આ ઉપરાંત સૌરાષ્ટ્રના ગામે ગામ પાણી પહોંચાડવા માટે ગુજરાત સરકારે યોજનાઓ બનાવી છે તેના સારા પણ મળી રહ્યા છે આમ છતાં સૌરાષ્ટ્રની નદીઓમાં પાણી નથી પરંતુ આ વખતના બજેટમાં ગુજરાતની નદીઓને એકબીજા સાથે જોડી દઈ સૌરાષ્ટ્રની નદીઓને પુનર્જીવિત કરવાની યોજના પણ બની ચૂકી છે. આમ જોઈએ તો કલ્પસર યોજના જો સાકાર કરવામાં આવે તો સૌરાષ્ટ્ર-કચ્છનો પાણીનો પ્રશ્ન ૯૫% ઉકલી જાય પરંતુ આ યોજના ક્યારે સાકાર થશે તે હજુ નક્કી નથી. ભૂતકાળ પર નજર નાખીએ તો ૧૯૬૦ થી ૪૦ વર્ષ દરમ્યાન રાજકોટ જિલ્લામાં ૧૬ વર્ષ દુષ્કાળ રહ્યો છે. જ્યારે ભાવનગર જિલ્લાએ ૧૩, અમરેલી જિલ્લાએ ૧૨ અને ભાલ પ્રદેશે ૧૫ થી વધુ દુષ્કાળ પસાર કર્યા છે. આ પરિસ્થિતિને પહોંચી વળવા સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા અમરેલીમાં મુખ્ય ૧૦ ડૅમો બાંધવામાં આવ્યા છે. પરંતુ તેથી જિલ્લાની ખેતીલાયક જમીનના માત્ર ૩૩.૧૬ ટકા જમીનને સિંચાઈ સુવિધા મળી શકે છે. ભાવનગર જિલ્લાની પાણીની તંગી નિવારવા ૧૧ મોટા બંધો બન્યા છે. તેથી ૨૭.૫ ટકા જમીનને સિંચિત કરી શકાઈ છે. રાજકોટ જિલ્લામાં, મધ્યમ કદના ૨૯ ડેમો દ્વારા ૩૪.૨૮ ટકા ખેતીની જમીનને સિંચાઈ મળી છે. વરસાદની અનિયમિત સ્થિતિના કારણે હવે કૃષિ માટેનું પાણી શહેરી વસ્તી પૂરતું, અનામત રહેવા લાગ્યું છે, અને ભૂગર્ભમાંથી પાણી ખેંચવાની પ્રવૃત્તિ વધી છે. ૧૯૯૫માં જે ક્ષેત્રમાં જ્યાં ૨૨ થી ૨૬ મીટરના ઊંડાણે પાણી મળતું, ત્યાં પાણીનાં તળ ૪૦ થી




૫૮ મીટર સુધી ઊંડા જતાં રહ્યાં છે. એક સમયે અમરેલીનાં ૧૯૬ ગામો, ભાવનગર જિલ્લાનાં ૩૪૮ ગામો, રાજકોટ જિલ્લાનાં ૧૫૭ તથા ખંભાતના કાંઠા વિસ્તારનાં ૩૨ ગામોમાં ભૂતળ ક્ષારયુક્ત અને ફલોરાઈડયુકત બન્યાં હતા. વસ્તીવધારાના કારણે પાણીનો એકંદરે વપરાશ વધ્યો છે. ભૂતળની જળસંગ્રહની ક્ષમતા ઘટી છે. નબળા ચોમાસાના કારણે ચેકડૅમો મહદંશે ખાલી રહે છે ત્યારે પ્રશ્ન થાય કે પાણીના અભાવે ગામડાંઓની શી સ્થિતિ રહેતી હશે? પાણીના અભાવની સ્થિતિમાં સામાજિક વ્યવસ્થા કઈ તરફ જશે? આ ભૂમિકાથી પાણીના અભાવના કારણે જેમનો વિકાસ સ્થગિત થયો છે તેવાં સૌરાષ્ટ્રનાં ૫,૦૦૦ કુટુંબો વચ્ચે ફરીને તેમની સ્થિતિનો અભ્યાસ તાજેતરમાં થયો છે જેની વિગતો વાચકો માટે રસપ્રદ બનશે. પાણીની વિશેષ અછત ભોગવતા ખંભાતના અખાતના અને મધ્ય સૌરાષ્ટ્રનાં ગામોમાં આજે પાણી એ પ્રાણપ્રશ્ન ભૂતકાળ બની રહ્યો છે. આમલોકોની સમસ્યા અને જરૂરીયાત પણ પાણી જ છે . જૂનથી સપ્ટેમ્બર દરમ્યાન સરેરાશ ૩૦-૩૨ દિવસમાં ૬૦-૮૦ સે.મી. વરસાદ નોંધાય છે. આમ છતાં દરિયાકિનારાની ક્ષારયુક્ત જમીન અને મધ્ય સૌરાષ્ટ્રમાં ઢોળાવવાળી પથરાળ જમીનમાં પ્રાકૃતિક રીતે જળસંચય ન હોવાથી ડિસેમ્બર મહિનો આવતામાં તો ગામડાંઓ પાણીની અછત વચ્ચે ઘેરાવા લાગે છે. રાજ્ય સરકારના વહીવટી એકમો પાણી પુરવઠા યોજના અને ટેંકરથી પાણી પહોંચાડે છે. આમ છતાં રાજકોટ જિલ્લામાં જસદણ તાલુકામાં ચિતલિયા સહિત અનેક ગામોને પાણી મેળવવા માટે ૩ થી ૪ કિ.મી. દૂરના અંતરે જવું પડતું હતું. ભાવનગર જિલ્લાના ગઢડા તાલુકામાં પ્રાદગઢમાં બહેનોને દોઢ - બે કિલોમીટર પગપાળા ચાલી પાણી મેળવવું પડતું. સૌરાષ્ટ્રના લોકો પરસેવો રેડી ખેત-તલાવડી, ચેકડૅમ તૈયાર કરે છે. આમ છતાં, વૃક્ષોનો નાશ થવાને કારણે તાપમાનમાં વધારો થતો રહે છે અને જમીનની જળસંગ્રહશક્તિ ઘટતી જાય છે. જસદણ તાલુકાના ચિતલિયા ગામે હવે સ્થાનિક રીતે પાણી મળવાનું શકય નથી. આથી પુરુષો ધંધારોજગારને ગૌણ રાખીને સાઈકલ ઉપર, બળદગાડામાં અથવા મોટરસાઈકલ લઈ દૂરનાં વાડી - ખેતરોથી પાણી લાવતા હતા. ગુજરાતના પશ્ચિમકાંઠામાં લગભગ તમામ ગામોની ખેતી સ્થાનિક સ્રોત ઉપર આધારિત રહી છે. ખેડૂતોની મોટા કદની જમીન હોવા છતાં પણ શિયાળે અડધા એકરમાં પશુઓ પૂરતો ચારો માંડ કરી શકે છે. પાણી જેવા જીવનમાં પ્રાથમિક સ્રોતના અભાવથી ત્રસ્ત ગામડાંઓ હવે તૂટી રહ્યાં છે, જેની પ્રતીતિ અહીં અભ્યાસમાં પણ સ્પષ્ટ થઈ છે. ભાવનગર જિલ્લાના ગઢડા તાલુકાના પ્રાદગઢમાં ૧૫૦ કુટુંબોને, વલ્લભીપુર તાલુકાના કાનપર ગામમાંથી ૭૦ કુટુંબોને અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના ગામ ભાઈ દુધાળામાં ૭ કુટુંબોને તેમજ રાજકોટ જિલ્લાના ચિતલિયા ગામમાંથી ૧૦ કુટુંબોને તો પાણીના અભાવના કારણે હિજરત કરવી પડી હતી.પાણીની કાયમી અછત ભોગવતાં ગામડાંઓમાં પ્રાથમિક શિક્ષણની સુવિધા છે. માધ્યમિક શાળાઓ પણ છે. આ સિવાય તમામ કેન્દ્રો ઉપર આરોગ્યલક્ષી સુવિધાઓ છે. ઉપરાંત ટપાલ, પશુ સારવાર કેન્દ્ર જેવી પ્રાથમિક સુવિધાઓ તો ઉપલબ્ધ છે. પરંતુ પાણીની ખેંચથી ગામડાંઓમાં ખેતી અનુષંગિક વ્યવસાયોનું માળખું નબળું રહ્યું હોય, થોડા ઘણા ગામડાઓને બાદ કરતા બેંક સેવા અને ઉપલબ્ધ સુવિધાઓનો પૂરતો ઉપભોગ ઓછો થાય છે.ગામડાંઓની સ્થિતિ જાણવા માટેની પ્રશ્નાવલીમાં એક પ્રશ્ન હતો : " ગામમાં બગીચો છે? ગામના પાદરે વહેતી નદી કે ઝરણું છે ? " આ પ્રશ્ન દેખીતી રીતે પણ પૂછવાલાયક નહોતો. પણ ગામલોકોનાં મનોવલણ સમજવા આ સવાલ પૂછતા ત્યારે જવાબ મળતો: " અહીં એક નાનું કારખાનું પણ નથી. ૫-૧૫ દુકાનોનું બજાર પણ નથી, ખેતર - વાડી, ફળાઉ ઝાડ - પાન પણ રડયાં - ખડયાં છે ત્યાં વળી નદિયું - નાળાં ને વાડિયું કેવી ? સાહેબ, અમારાં છોકરાંએ તો નિશાળની ચોપડી સિવાય આ કંઈ ભાળ્યું જ નથી !! " આજથી ૨૦-૨૫ વર્ષ પહેલાં તવર અને લાંભડા પ્રકારના ઘાસથી પ્રચલિત સૌરાષ્ટ્રના અખાતમાં ઝીંઝવા નામે મુલાયમ પ્રોટીનયુક્ત ઘાસ ઉપર નભતાં દુઝાણાં ( ગાય - ભેંશ ) સમૃદ્ધિનાં પ્રતીક હતાં, ભૂતકાળની વાત કરીએ તો એક ગામ સવાર - સાંજ ૧૨૦૦ મણ દૂધ ભરતું અને આજે !! આપણે કોથળીનું દૂધ પીવાનો વારો આવ્યો છે. પાણીના અભાવે જ્યાં ખેતી અને પશુપાલન નબળાં પડી ગયાં છે તે ગામોમાં ધીરધારનો ધંધો વધ્યો છે. શરાફી મંડળીઓની લોન આપવાની કામગીરીમાં પણ નોંધપાત્ર વધારો થયો છે.

# સપ્તાહના પ્રથમ દિવસે શેરબજારમા તેજીનો માહોલ

મુંબઈ તા.૨૮


રશિયા-યુક્રેનના યુધ્ધ વચ્ચે સપ્તાહના પ્રથમ દિવસે શેરબજારમાં પોઝિટિવ વલણ જોવા મળ્યું હતું. અને સેન્સેક્સ ૩૮૮ પોઈન્ટ વધ્યો હતો. જયારે નીફટીમાં ૧૩૫ પોઈન્ટનો વધારો નોંધાયો હતો. લોખંડ અને સ્ટીલના શેરોમાં તેજી જોવા મળી હતી. હિન્દાલકો, ગેઈલના શેરોમાં ૭ ટકાનો વધારો થયો હતો.



બાયોકોનના શેરોમાં ૧૧.૫૮ ટકાનું ધોવાણ થયું હતું.

વિશ્વયુદ્ધ થવાના ફફડાટ અને ક્રૂડ ઓઈલના ઉછાળા સાથે ફુગાવો-મોંઘવારીમાં તોતીંગ વધારો થવાના સ્પષ્ટ એંધાણ વચ્ચે વૈશ્વિક શેરબજારોની સાથે ભારતીય શેરબજારોમાં ડેરિવેટિવ્ઝ સેગમેન્ટનાં છેલ્લાં ગુરુવારે એકતરફી ઐતિહાસિક કડાકો બોલી ગયો હતો. જોકે સપ્તાહના અંતે માર્ચ ડેરિવેટિવ્ઝ વલણની શરૂઆતે શેરબજારમાં સામાન્ય પ્રત્યાઘાતી રિકવરી જોવા મળી હતી. છેલ્લા સાત દિવસના સતત ઘટાડામાં બીએસઈ સેન્સેક્સમાં અંદાજીત ૭%નો ઘટાડો નોંધાયો હતો. આ સાત દિવસમાં રોકાણકારોની સંપત્તિમાં અંદાજીત રૂ.૧૯.૪૮ લાખ કરોડનું ધોવાણ થયું હતું અને પારંપરિક રીતે વૈશ્વિક મોરચે શેરબજારોમાં કડાકા સામે ક્રૂડ ઓઈલ, સોના - ચાંદીના ભાવોમાં તીવ્ર ઉછાળો જોવા મળ્યો હતો.

## શબ્દ સંજોગ-૧૨૯૫



**આડી ચાવી :**
(૧) બિરાજતુ, બિરાજેલુ (૫)
(૪) મેરા......મહાન (૩)
(૬) મૂળ ગામ કે દેશ (૩)
(૮) ત્રણ કલાક,પહોર (૨)
(૧૦) નાકમાં થતી ફોલ્લી (૩)
(૧૧) સમાજ,મંડળી (૨)
(૧૨) આરતી (૪)
(૧૪) પીરસેલી થાળી (૨)
(૧૫) હઠ,મમત (૨)
(૧૭) દમ,હાંફ (૨)
(૧૮) ચીવટપૂર્વક લાગ્યા-મંડયા રહેવાનો ગુણ (૨)
(૧૯) દબાવી ટીપીને કરાતુ જાડુ ઉની કાપડ (૩)
(૨૦) જીભથી માલુમ પડતો સ્વાદ (૨)
(૨૧) વાણી,સરસ્વતી (૩)
(૨૨) વિક્રમ સંવતનો ચોથો મહિનો (૨)
(૨૩) અપૂર્વતા, અદભુતતા (૩)
(૨૫) પતિ,ધણી (૩)
(૨૭) બાળવાના લાકડા (૪)

**ઉભી ચાવી :**
(૧) એક મુસલમાની વાની (૪)
(૨) સંગીતમાં એક અલંકાર (૨)
(૩) નવલુ,આશ્ચર્યકારક (૩)
(૪) કલ્પના,ભાસ (૨)
(૫) ધર્મવિધિમાં વપરાતી તાંબાની તાસક (૪)
(૭) દેવતાની ચિનગારી કે અંગારો (૩)
(૯) જીર્ણોદ્ધાર,સમારકામ (૪)
(૧૦) વડીલોને....આપવુ જોઈએ (૨)
(૧૧) કોરોનામાં.....પર મનાઈ ફરમાવી હતી (૬)
(૧૩) ..જણાવવાનુ કે.... (૨)
(૧૬) સધ્ધર,પૈસાદાર (૫)
(૧૮) તોડવુ તે (૩)
(૧૯) ચેતતા..સદા સુખી (૨)
(૨૧) માજાયો,સહોદર (૨)
(૨૨) દહીં વલોવવાથી નીકળતુ સત્વ (૩)
(૨૪) અંદર ઉતરવાના પગથિયાવાળો કૂવો (૨)
(૨૬) બુદ્ધિ (૨)

## શબ્દ સંજોગ-૧૨૯૪ જવાબ

**આડી ચાવી :** (૧) જવાબ (૩) હસ્તલિખિત (૬) દાનવ (૭) દાડમ (૯) તેર (૧૦) લુમ (૧૨) તન (૧૪) ડગુમગુ (૧૬) જાન (૧૭) હેમ (૧૮) સપ્તરંગી (૧૯) કરમ (૨૪) તરજુમો (૨૭) રજા (૨૯) રખે (૩૦) તોણર(તોરણ).

**ઉભી ચાવી :** (૧) જરદાલુ (૨) બદામ (૩) હવન (૪) લિખિતેન (૫) તટ (૮) ડમડમ (૧૧) તમસ (૧૩) જાનકી (૧૫) ગુપ્ત (૧૭) હેમંત (૧૯) રંક (૨૦) ગીર (૨૧) કાજુ (૨૩) મરણ (૨૫) રસ્તો (૨૬) મોર (૨૮) જાર.

## માર્કેટના બજાર ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૬૮૦ | ૨૧૦૦ |
| ઘઉં લોકવન | ૪૦૩ | ૪૬૨ |
| ઘઉં ટુકડા | ૪૦૫ | ૫૦૦ |
| જુવાર સફેદ | ૪૪૫ | ૬૨૧ |
| જુવાર પીળી | ૩૧૧ | ૩૭૦ |
| બાજરી | ૨૯૦ | ૪૩૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૨૨૫ |
| ચણા પીળા | ૮૮૦ | ૯૦૬ |
| અડદ | ૭૦૦ | ૧૪૦૦ |
| મગ | ૧૧૨૬ | ૧૪૫૧ |
| વાલ દેશી | ૮૩૦ | ૧૩૫૦ |
| વાલ પાપડી | ૧૫૫૦ | ૧૮૦૫ |
| ચોળી | ૯૫૦ | ૧૬૮૦ |
| મઠ | ૧૩૦૦ | ૧૭૫૦ |
| કળથી | ૭૫૦ | ૧૦૦૫ |
| સીંગદાણા | ૧૫૫૦ | ૧૭૦૦ |
| મગફળી જાડી | ૯૬૫ | ૧૨૧૫ |
| મગફળી જીણી | ૮૯૦ | ૧૧૪૦ |
| તલી | ૧૭૫૦ | ૨૧૩૪ |
| એરંડા | ૧૨૯૧ | ૧૩૫૦ |
| અજમો | ૧૫૫૦ | ૨૩૪૦ |
| સુવા | ૯૮૦ | ૧૨૦૫ |
| સોયાબીન | ૧૩૦૦ | ૧૪૨૮ |
| સીંગફાડા | ૧૩૦૦ | ૧૫૫૦ |
| કાળા તલ | ૧૯૦૦ | ૨૫૦૦ |
| લસણ | ૧૨૦ | ૪૫૦ |
| ધાણા | ૧૪૫૦ | ૨૫૫૦ |
| મરચા સુકા | ૧૦૦૦ | ૨૭૫૦ |
| જીરૂ | ૩૫૫૦ | ૪૦૨૫ |
| રાય | ૧૦૫૦ | ૧૧૨૫ |
| મેથી | ૧૦૨૦ | ૧૩૩૦ |
| ઇસબગુલ | ૧૭૫૦ | ૨૩૦૫ |
| રાયડો | ૧૧૦૦ | ૧૨૬૦ |
| **રાજકોટ(શાકભાજી)** | | |
| લીંબુ | ૫૦૦ | ૮૦૦ |
| બટેટા | ૧૪૦ | ૨૮૦ |
| ડુંગળી સુકી | ૮૦ | ૪૦૫ |
| ટમેટા | ૨૦૦ | ૩૦૦ |
| સુરણ | ૩૦૦ | ૫૦૦ |
| કોથમરી | ૬૦ | ૧૧૦ |
| સકરીયા | ૩૦૦ | ૫૦૦ |
| મુળા | ૧૦૦ | ૨૮૦ |
| રીંગણા | ૧૧૦ | ૨૬૦ |

| | | |
|---|---|---|
| કોબીજ | ૧૨૦ | ૨૧૦ |
| ફ્લાવર | ૧૫૦ | ૩૩૦ |
| ભીંડો | ૬૦૦ | ૯૦૦ |
| ગુવાર | ૧૧૦૦ | ૧૫૦૦ |
| ચોળાસીંગ | ૩૫૦ | ૫૫૦ |
| વાલોળ | ૧૦૦ | ૨૫૦ |
| ટીંડારા | ૪૦૦ | ૬૦૦ |
| દુધી | ૧૦૦ | ૨૩૦ |
| કારેલા | ૬૦૦ | ૮૦૦ |
| સરગવો | ૮૫૦ | ૧૧૫૦ |
| તુરીયા | ૭૦૦ | ૧૦૦૦ |
| પરવર | ૫૫૦ | ૬૫૦ |
| કાકડી | ૨૮૦ | ૫૨૦ |
| ગાજર | ૧૪૦ | ૨૬૦ |
| વટાણા | ૩૫૦ | ૫૫૦ |
| તુવેરસીંગ | ૩૦૦ | ૫૦૦ |
| ગલકા | ૩૨૦ | ૬૩૦ |
| બીટ | ૨૦૦ | ૩૫૦ |
| મેથી | ૧૦૦ | ૧૭૦ |
| વાલ | ૩૦૦ | ૬૦૦ |
| ડુંગળી લીલી | ૧૦૦ | ૨૩૦ |
| આદુ | ૩૫૦ | ૫૫૦ |
| ચણા લીલા | ૧૦૦ | ૨૨૦ |
| મરચા લીલા | ૫૦૦ | ૭૦૦ |
| હળદર લીલી | ૩૫૦ | ૫૫૦ |
| લસણ લીલું | ૨૦૦ | ૪૦૦ |
| મકાઇ લીલી | ૧૫૦ | ૨૬૦ |
| **અમરેલી** | | |
| તલ સફેદ | ૧૩૦૨ | ૨૧૯૦ |
| તલ કાળા | ૧૩૨૫ | ૨૩૦૦ |
| જુવાર | ૪૦૯ | ૫૯૮ |
| ઘઉં ટુકડા | ૩૮૩ | ૪૯૫ |
| ઘઉં લોકવન | ૪૦૮ | ૪૩૮ |
| ચણા | ૭૦૦ | ૯૫૭ |
| તુવેર | ૬૦૦ | ૧૨૦૭ |
| કપાસ | ૧૧૦૦ | ૨૦૫૦ |
| જીરૂ | ૨૮૦૦ | ૪૦૦૦ |
| ધાણા | ૧૧૫૦ | ૨૩૫૦ |
| અજમા | ૧૧૦૦ | ૧૮૩૫ |
| સોયાબીન | ૧૧૫૦ | ૧૪૨૦ |
| ધાણી | ૧૪૦૦ | ૩૦૫૦ |
| **અમરેલી(શાકભાજી)** | | |
| બટેટા | ૧૮૦ | ૨૫૦ |
| રીંગણા | ૩૦૦ | ૪૪૦ |

| | | |
|---|---|---|
| ફ્લાવર | ૧૫૦ | ૨૦૦ |
| કોબીઝ | ૧૫૦ | ૧૮૦ |
| શકકરીયા | ૩૦૦ | ૪૨૦ |
| ટમેટા | ૨૦૦ | ૩૦૦ |
| ગાજર | ૧૫૦ | ૨૦૦ |
| દુધી | ૨૦૦ | ૨૩૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૬૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૧૫૫૦ | ૨૦૦૦ |
| વટાણાં | ૫૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૮૦૦ | ૯૦૦ |
| આદુ | ૪૫૦ | ૫૫૦ |
| કોથમીર | ૨૦૦ | ૨૨૦ |
| મેથી ભાજી | ૧૫૦ | ૨૦૦ |
| ફોદીનો | ૨૦૦ | ૩૦૦ |
| ટીંડોરા | ૩૮૦ | ૫૧૦ |
| બીટ | ૩૫૦ | ૪૫૦ |
| મકાઈ | ૨૦૦ | ૨૨૦ |
| લીમડો મીઠો | ૧૦૦ | ૧૨૦ |
| મરચાં લીલા | ૫૦૦ | ૭૦૦ |
| મરચા લાલ | ૨૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૨૦૦ | ૮૦૦ |
| ડુંગળી સુકી | ૩૦૦ | ૪૭૦ |
| લસણ લીલુ | ૩૦૦ | ૪૦૦ |
| લસણ સુકુ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૭૦૦ | ૮૦૦ |
| પાલક | ૨૨૦ | ૨૭૦ |
| વાલ | ૪૦૦ | ૫૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૨૩૦ |
| **રાજુલા** | | |
| બાજરો | ૩૨૫ | ૪૨૫ |
| જુવાર | ૩૦૦ | ૬૮૧ |
| ઘઉં ટુકડા | ૨૦૦ | ૪૯૦ |
| અડદ | ૫૭૫ | ૬૫૦ |
| ચણા | ૫૦૦ | ૯૨૫ |
| રાય | ૧૦૭૦ | ૧૧૨૫ |
| શીંગ | ૧૦૫૦ | ૧૧૦૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૯૫૦ |
| તુવેર | ૯૦૧ | ૧૧૧૫ |
| ચોળી | ૩૩૪ | ૩૩૪ |
| તલ કાળા | ૧૬૦૦ | ૧૯૫૦ |
| મઠ | ૯૦૧ | ૯૦૧ |
| ધાણા | ૨૦૦૦ | ૨૦૦૦ |
| સોયાબીન | ૧૩૦૦ | ૧૩૫૦ |

| | | |
|---|---|---|
| **ખાંભા** | | |
| કપાસ | ૧૫૦૧ | ૧૯૭૧ |
| ચણા | ૮૬૭ | ૯૧૫ |
| સોયાબીન | ૧૩૭૦ | ૧૩૭૫ |
| તુવેર | ૬૦૨ | ૯૪૬ |
| ઘઉં | ૪૧૨ | ૪૧૨ |
| એરંડા | ૧૩૨૫ | ૧૩૨૫ |
| મગફળી | ૧૧૯૬ | ૧૧૯૬ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૮૦ | ૨૦૮૦ |
| કપાસ કોડી | ૧૦૫૦ | ૧૪૦૦ |
| તુવેર | ૧૦૪૦ | ૧૧૬૦ |
| ચણા | ૮૬૫ | ૮૯૫ |
| ધાણા | ૧૩૨૫ | ૧૬૭૫ |
| ઘઉં | ૩૭૯ | ૪૨૧ |
| જીરૂ | ૨૨૨૦ | ૩૩૮૦ |
| **સાવરકુંડલા** | | |
| શિંગ મોટી | ૧૧૦૦ | ૧૨૫૧ |
| તલ સફેદ | ૧૭૫૧ | ૨૨૫૩ |
| બાજરો | ૩૦૦ | ૪૨૫ |
| ચણા | ૮૩૦ | ૯૧૧ |
| તુવેર | ૯૨૫ | ૧૧૭૦ |
| અડદ | ૫૦૦ | ૯૧૦ |
| રાય | ૯૦૦ | ૧૨૨૫ |
| જુવાર | ૪૦૦ | ૬૦૧ |
| રાજગરો | ૧૦૦૦ | ૧૧૨૫ |
| ચણાદેશી | ૯૫૦ | ૧૦૫૮ |
| ગોધમ લોકવન | ૩૬૦ | ૪૩૫ |
| ગોધમ ટુકડા | ૩૯૦ | ૪૮૫ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૩૬૪ | ૧૯૪૭ |
| કપાસ કોડી | ૧૨૫૬ | ૧૩૧૨ |
| **બગસરા** | | |
| ઘઉં ટુકડા | ૪૨૫ | ૪૫૦ |
| ચણા | ૮૮૬ | ૮૨૫ |
| ધાણા | ૧૫૩૫ | ૧૮૦૧ |
| તુવેર | ૧૦૧૨ | ૧૧૫૫ |
| મેથી | ૧૦૦૦ | ૧૦૬૫ |
| જુવાર | ૫૭૫ | ૫૯૯ |
| મગ | ૧૦૦૦ | ૧૦૦૫ |
| અડદ | ૪૯૦ | ૯૬૯ |
| રાઈ | ૧૧૩૦ | ૧૨૦૫ |
| રજકા બી | ૧૫૦૦ | ૧૮૦૦ |
| ગમ ગુવાર | ૯૦૦ | ૯૮૦ |

| | | |
|---|---|---|
| લસણ | ૧૫૦ | ૧૬૫ |
| **જામનગર** | | |
| જુવાર | ૫૦૦ | ૫૭૦ |
| બાજરી | ૨૯૫ | ૪૨૫ |
| ઘઉં | ૨૫૦ | ૪૩૫ |
| મગ | ૧૦૯૦ | ૧૪૩૦ |
| અડદ | ૫૦૦ | ૧૧૦૦ |
| તુવેર | ૯૦૦ | ૧૨૩૦ |
| વાલ | ૧૪૦૦ | ૧૪૧૫ |
| મેથી | ૯૩૫ | ૧૩૧૫ |
| ચણા | ૮૫૦ | ૯૬૦ |
| મગફળી જીણી | ૮૦૦ | ૧૧૧૧ |
| એરન્ડા | ૧૦૦૫ | ૧૩૫૨ |
| રાયડો | ૯૦૦ | ૧૨૩૦ |
| લસણ | ૪૫ | ૩૧૦ |
| કપાસ | ૧૩૫૦ | ૧૯૭૫ |
| જીરૂ | ૨૫૦૦ | ૪૦૧૦ |
| અજમો | ૧૮૭૦ | ૪૨૨૫ |
| અજમાની ભુસી | ૧૦૦ | ૨૨૪૦ |
| ધાણા | ૧૦૦૦ | ૨૧૦૦ |
| ડુંગળી સુકી | ૮૫ | ૪૩૦ |
| મરચા સુકા | ૬૦૦ | ૩૩૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૩૫૧ | ૧૫૮૦ |
| તુવેર | ૧૦૫૫ | ૧૧૩૫ |
| મગફળી | ૧૧૨૫ | ૧૧૫૧ |
| ચણા | ૯૦૦ | ૯૦૦ |
| ધાણા | ૧૫૬૦ | ૧૯૦૫ |
| સોયાબીન | ૧૪૦૦ | ૧૪૦૦ |
| રાઈ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| એરંડા | ૧૩૦૫ | ૧૩૦૫ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૫૦૦ | ૨૧૦૦ |
| ઘઉં | ૩૫૦ | ૪૫૪ |
| તુવેર | ૮૦૦ | ૧૧૪૦ |
| મગફળી | ૮૫૦ | ૧૧૭૪ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૧૯૦૦ |
| ધાણા | ૧૪૦૦ | ૧૯૭૦ |
| ડુંગળી લાલ | ૧૦૦ | ૨૦૦ |
| શિંગ ફાડા | ૧૩૦૦ | ૧૪૫૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૩૮૦ |
| **મહુવા** | | |
| શીંગ જી-૨૦ | ૧૦૭૦ | ૧૨૩૪ |
| જુવાર | ૩૩૬ | ૪૪૦ |

| | | |
|---|---|---|
| બાજરી | ૩૫૧ | ૪૮૫ |
| મકાઇ | ૪૩૬ | ૪૩૬ |
| મગ | ૧૭૪૪ | ૧૭૪૪ |
| ચણા | ૬૮૦ | ૧૦૨૦ |
| તલ સફેદ | ૧૭૪૮ | ૨૧૧૦ |
| તલ કાળા | ૨૦૪૦ | ૨૨૪૨ |
| ડુંગળી સફેદ | ૧૩૦ | ૨૮૨ |
| ડુંગળી લાલ | ૧૫૦ | ૪૭૧ |
| કપાસ | ૧૪૦૧ | ૨૦૦૮ |
| નાળીયેર | ૫૧૦ | ૧૫૫૦ |
| તુવેર | ૧૦૫૦ | ૧૧૧૧ |
| શીંગ કાદરી | ૧૧૩૬ | ૧૨૧૦ |
| રાજગરો | ૬૦૦ | ૬૦૦ |
| રાય | ૧૧૦૦ | ૧૨૫૦ |
| **ગોંડલ** | | |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૪૬૦ |
| ઘઉં ટુકડા | ૪૦૪ | ૫૧૨ |
| કપાસ | ૧૧૦૧ | ૨૧૩૧ |
| મગફળી જીણી | ૮૫૦ | ૧૨૯૧ |
| મગફળી જાડી | ૮૨૫ | ૧૩૪૧ |
| સિંગ ફાડીયા | ૯૯૧ | ૧૭૩૧ |
| એરંડા | ૧૨૩૧ | ૧૩૭૧ |
| તલ | ૧૪૦૦ | ૨૧૭૧ |
| જીરૂ | ૨૦૦૦ | ૪૦૫૧ |
| ધાણા | ૧૩૦૧ | ૨૨૪૧ |
| ધાણી | ૧૪૦૧ | ૩૭૫૧ |
| મરચા સુકો પટ્ટો | ૬૫૧ | ૨૯૦૧ |
| લસણ સુકુ | ૧૦૧ | ૪૨૧ |
| નવુ લસણ | ૧૧૧ | ૬૫૧ |
| ડુંગળી લાલ | ૭૧ | ૪૧૬ |
| ડુંગળી સફેદ | ૧૨૧ | ૨૪૧ |
| બાજરો | ૪૦૧ | ૪૦૧ |
| જુવાર | ૩૧૧ | ૬૪૧ |
| મગ | ૧૪૦૦ | ૧૪૦૦ |
| ચણા | ૮૬૧ | ૯૦૬ |
| વાલ | ૯૨૬ | ૧૩૭૧ |
| મઠ | ૧૫૦૧ | ૧૫૮૧ |
| તુવેર | ૮૦૦ | ૧૨૫૧ |
| સોયાબીન | ૧૨૮૧ | ૧૪૫૧ |
| રાયડો | ૧૦૯૫ | ૧૨૧૧ |
| રાય | ૧૧૨૧ | ૧૧૪૧ |
| મેથી | ૮૦૧ | ૧૩૬૧ |
| ગોગળી | ૮૦૦ | ૧૧૦૧ |
| કાંગ | ૫૦૧ | ૫૩૧ |

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya
Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI .No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# પબુભાનો વળતો ઘા : ૧૦૦૦ મુસ્લિમો કોંગ્રેસ છોડી ભાજપમાં જોડાતા હડકંપ

જામનગર,તા.૨૮

દ્વારકામાં કોંગ્રેસની ચિંતન શિબિર યોજાઈ હતી. જેમાં કોંગ્રેસ નેતા અર્જુન મોઢવાડિયાએ પબુભા માણેકની સરખામણી અમદાવાદના નામચીન ગુંડા લતીફ સાથે કરી હતી. જેને લઈ દ્વારકાના પૂર્વ ધારાસભ્ય પબુભા માણેકે કોંગ્રેસ પર વળતો પ્રહાર કર્યો હતો. ધારાસભ્ય પબુભા માણેકના મતવિસ્તારના રૂપેણ બંદરના કોંગ્રેસના ૧૦૦૦ મુસ્લિમ કાર્યકરોએ પબુભા માણેકની ઉપસ્થિતિમાં ભાજપનો ખેસ ધારણ કરી કોંગ્રેસને જવાબ આપ્યો છે. રૂપેણ બંદરના મુસ્લિમ કોંગ્રેસી કાર્યકરોએ જણાવ્યું કે દરેક વખતે અમે કોંગ્રેસને મત આપીએ છીએ. તમે અહિં ૩૫ વર્ષથી ધારાસભ્ય છો, ત્યારે અમને ક્યારેય કંઈ તકલીફ નથી પડી, ત્યારે અમારા ધારાસભ્ય વિશે આવું બોલે તે ચલાવી ન લેવાય. જેથી કરીને અમે તમામ ૧૦૦૦ મુસ્લિમ કાર્યકરો આજે ભાજપમાં જોડાયા છીએ. આમ, ૧૦૦૦ મુસ્લિમ કાર્યકરો ભાજપમાં જોડાતા કોંગીની છાવણીમાં હડકંપ મચી જવા પામ્યો છે.



# રાહત : રાજ્યમાં કોરોના કેસ ઘટતા લોકોની હાજરીની મર્યાદા કરાઈ દૂર

ગાંધીનગર,તા.૨૮

રાજ્યમાં કોરોનાના કેસમાં રોજેરોજ ઘટાડો નોંધાઈ રહ્યો છે. આજરોજ રાજ્ય સરકાર દ્વારા કોરોનાની વર્તમાન પરિસ્થિતિને ધ્યાને લઈને મહત્વની જાહેરાત કરાઈ છે. રાજ્યમાં હવે લગ્ન પ્રસંગ અને સામાજીક પ્રસંગમાં લોકોની હાજરીની નિયત સંખ્યાની મર્યાદા દૂર કરવામાં આવી છે. સાથે રાજ્યના ગૃહ વિભાગે લગાવેલા નિયંત્રણો દૂર કરી દીધા છે. એટલું જ નહીં ૩૧મી માર્ચ સુધીના નિયંત્રણો જેવા કે જાહેર અને સામાજીક તથા રાજકીય કાર્યક્રમમાં નિયત કરાયેલી સંખ્યાની મર્યાદા દૂર કરવામાં આવી છે. કોવિડ એપ્રોપ્રિએટ બિહેવીયર અન્વયે ફરજિયાત માસ્ક, સોશિયલ ડિસ્ટન્સીંગ, જાહેરમાં થૂંકવા પર પ્રતિબંધ અને સેનિટાઈઝેશન-વારંવાર હાથ ધોવાના નિયમો યથાવત રહેશે તેમજ બંધ જગ્યાએ યોગ્ય વેન્ટીલેશન રાખવાનું રહેશે. સરકારી કચેરીઓમાં મુલાકાતીઓ હવે તા. ૨ માર્ચ-૨૦૨૨થી કોવિડ વેક્સિન લીધાનું સ્વપ્રમાણિત પ્રમાણપત્ર રજૂ કરી પ્રવેશ મેળવી શકશે. વેક્સિનેશન સર્ટિફિકેટ બતાવવું આવશ્યક રહેશે નહી.



# રાજકોટ-અમદાવાદ હાઈવે પર બની રહેલા ટોલનાકાને લઈ ખેડૂતોનો વિરોધ

રાજકોટ,તા.૨૮

હાલ રાજકોટ-અમદાવાદ નેશનલ હાઈવે સિક્સ લેન બની રહ્યો છે. જેની કામગીરી ચાલુ છે ત્યારે રાજકોટની ભાગોળે આવેલા માલિયાસણ ગામ પાસે નવા ટોલપ્લાઝાના વિરોધમાં ગ્રામજનો ઉતર્યા છે. ગ્રામજનોનો એક જ સૂર છે કે, માલિયાસણ ગામ પાસે ટોલપ્લાઝા બનાવવામાં ન આવે અને તેને અમદાવાદ હાઈવે પર આગળ બનાવવામાં આવે. તેમજ ખેડૂતોને વળતરમાં અન્યાય થયાનો પણ આક્ષેપ ગ્રામજનોએ કર્યો છે. જે ખેડૂતોની ઓછી જમીન કપાતમાં ગઈ છે તેમને વધુ વળતર અને જે ખેડૂતોની વધુ જમીન કપાતમાં ગઈ છે તેમને ઓછુ વળતર આપવામાં આવ્યું હોવાનો આક્ષેપ કર્યો છે.



# સુરતમાં હત્યારા ફેનિલ સામે કોર્ટ કાર્યવાહી કરાઈ શરૂ, ડોકટરની જુબાની લેવામાં આવી

સુરત,તા.૨૮

સુરતના પાસોદરા પાટીયા સ્થિત ગ્રીષ્મા વેકરિયાના એકતરફી પ્રેમમાં પાગલ યુવક ફેનિલ પંકજ ગોયાણીએ ૧૨ ફેબ્રુઆરીના રોજ જાહેરમાં તેણીના ગળા પર ચપ્પુ ફેરવીને ઘાતકી હત્યા કરી નાંખી હતી. કામરેજ પોલીસે હત્યાનો ગુનો નોંધી તેની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરી ત્રણ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. રિમાન્ડ પૂરા થતાં તેને લાજપોર જેલમાં મોકલી આપ્યો હતો. કામરેજ પોલીસ દ્વારા ટૂંક સમયમાં ચાર્જશીટ રજૂ કરવામાં આવી હતી. કઠોર કોર્ટમાં ચાર્જશીટ રજૂ થયા બાદ સુરત કોર્ટમાં ચાર્જફ્રેમ કરવામાં આવ્યો હતો. ત્યારે ફેનિલે હત્યાનો ગુનો કબૂલ કર્યો ન હતો. આજે આરોપી ફેનિલ ગોયાણી સામે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જેમાં મેડિકલ ડોકટરની જૂબાની અને ઉલટ તપાસ લેવાઈ રહી હોવાનું જાણવા મળે છે.

# રાજકોટમાં હનીટ્રેપ : પોલીસની ઓળખ આપી યુવાનને લૂંટનાર ત્રણ ઝડપાયા

રાજકોટ,તા.૨૮

રાજકોટમાં ફરી હનીટ્રેપનો કિસ્સો સામે આવ્યો છે. હનીટ્રેપની ફરિયાદ પરથી રાજકોટ પોલીસે પકડેલા આરોપીઓમાં જીતુદાન જેસાણી, રાહુલ નિમાવત અને જાનકી ઉજારનો સમાવેશ થાય છે. આ બનાવમાં જામનગરની નિકીતા ગોપીયાણીએ તેના પતિ અને પતિના મિત્રો સાથે મળી હની ટ્રેપનો પ્લાન ઘડ્યો હતો. જેમાં લીંબડીના યુવાનને ગ્રીનલેન્ડ ચોકડી પાસે બોલાવી બાદમાં ચોટીલા નજીક લઈ ગયા હતા. અહિં નિકીતાના પતિ સંદિપ ગોપીયાણી અને તેના મિત્રોએ પહોંચી કાર રોકી પોલીસ તરીકે ઓળખ આપી ધાક ધમકી આપી હતી. તે દરમિયાન યુવક પાસેથી ૪૦,૦૦૦થી વધુની રોકડ રકમ તેમજ ૪૫,૦૦૦ કિંમતના બે મોબાઈલ ફોન પડાવી લઈ ગુનો આચર્યો હતો.



માછીમારોના ભોગે સરકાર ઉધોગો લાવવા માંગે છે તેવી ઉગ્ર રજૂઆત : નાગરિક અધિકારોના રક્ષણ બાબતે

# છારા ગામ બંદરના માછીમારો લડાયક મૂડમાં : આવેદન

કોડીનાર, તા.૨૮

કોડીનારના છારા ગામ બંદર વિસ્તારના માછીમારો અને સમાજિક કાર્યકર્તાઓ નાગરિક અધિકારોના રક્ષણ બાબતે લડાયક મૂડ સાથે મેદાને ઉતર્યા છે. જેને લઈ આજે મામલતદારને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. મુખ્યત્વે સાત મુદ્દાઓ સાથે પાઠવેલા આવેદનપત્રમાં જણાવ્યું છે કે, છારા ગામના બંદર વિસ્તાર નજીક સીમર પોર્ટ પ્રાઈવેટ લિ. કંપની હોય તેઓ માછીમારોને રોજગાર સબબ અસર કરે છે અને આ અંગે તેમની હોડીઓની અટક કરે છે. જેથી કંપની દ્વારા રોજગારી માટે સ્થાનિકોને તક અને તેમને પડતી અગવડતાઓ અને અસુવિધાઓ માટે કાયદેસર વળતર આપવામાં આવે. તથા બંદર વિસ્તારમાં પાકા રસ્તાઓ, મકાનો, વીજળી, શૌચાલય, બાળકોને શિક્ષણ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવે અને ગ્રામ પંચાયત દ્વારા આજ સુધી આ ગરીબ નાગરિકોને પ્રાથમિક સુવિધાઓથી વંચિત રાખવામાં આવ્યા છે. તે બાબતે ન્યાયિક તપાસ કરી ગંભીરતાથી પગલાઓ લેવામાં આવે અને ન્યાયિક ધોરણે માછીમારોને પ્રાપ્ત નાગરિકનું રક્ષણ સહિતના મુદ્દાઓ અંગેની માંગણી છારા ગામના માછીમારો દ્વારા આવેદનપત્રમાં કરવામાં આવી છે. બીજી તરફ સ્થાનિક તંત્ર દ્વારા રજૂઆતોનો હલ નહિં આવે તો કોર્ટના દ્વાર ખખડાવાશે તેમ અંતે જણાવ્યું છે.



# સુરત વરાછાના દંપતીએ વડીલોને તીર્થયાત્રા કરાવી પ્રેરણા પુરી પાડી

સુરત, તા.૨૮

યુવા સંસ્કૃતિ ચેરિટેબલ ટ્રસ્ટ-સુરત દ્વારા દર મહિને વડીલ યાત્રાનું આયોજન કરવામાં આવે છે. ત્યારે યુવા સંસ્કૃતિ પરિવારમાં વરાછાના સભ્ય જયેશ મકાનજીભાઈ ઢોલા અને સૃષ્ટિ થોડા સમય પહેલા લગ્નગ્રંથીએ જોડાયા તે પ્રસંગે યુવાથી લઈ વડીલોને યાત્રા કરાવવાની સેવાનો સંકલ્પ કર્યો હતો. જેને લઈ દંપતી દ્વારા ગત તા.૨૭ના રોજ સંપૂર્ણ યાત્રાનું સૌજન્ય-યોગદાન આપી સિધ્ધકુટિર મંદિરથી યાત્રાનું પ્રસ્થાન કરાવ્યું હતું. જેમાં ૬૦ વડીલોએ વિવિધ તીર્થોની યાત્રા, સત્સંગ, આરતી અને હાસ્ય કલાકારના કાર્યક્રમનો લ્હાવો માણ્યો હતો. આ દંપતીની વડીલો પ્રત્યેની સેવાભાવનાને યાત્રાળુઓએ બિરદાવી આશીર્વાદ વરસાવ્યા હતા.



# સુરત ખાતે સહકાર પરિવાર દ્વારા સહકાર ગૌરવ સમારોહ કાર્યક્રમ



અમરેલી, તા.૨૮

વિશ્વની સૌથી મોટી ફર્ટિલાઈઝર કંપની ઈફકોના ચેરમેન પદે દિલીપભાઈ સંઘાણી બિનહરીફ ચૂંટાઈ આવતા સુરતની સુમુલ ડેરી ખાતે સહકાર પરિવાર દ્વારા સહકાર ગૌરવ સમારોહ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સહકાર પરિવાર દ્વારા દિલીપભાઈ સંઘાણીનું સન્માન કરાયું હતું.

# કોડીનાર નજીક પોલીસે ફિલ્મી ઢબે કારનો પીછો કરી રૂ. ૨.૭૨ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડ્યો

કોડીનાર, તા. ૨૮

ગીરસોમનાથ એલસીબીએ કોડીનાર પાસેથી વિદેશી દારૂની ૫૦૪ બોટલો અને સ્કોડા કાર સાથે રૂ.૫.૭૨ લાખનો મુદ્દામાલ ઝડપી પાડ્યો છે. મળતી વિગતો મુજબ ગીરસોમનાથ એલસીબી સ્ટાફ પેટ્રોલિંગ હતો તે દરમિયાન બાતમી મળેલ કે કેસરિયા તરફથી સ્કોડા કાર નં.જીજે-૦૩-એફડી-૦૧૦૨ કોડીનાર તરફ આવે છે જે કારમાં વિદેશી દારૂ ભરેલ છે. આ બાતમીના આધારે આ કારની વોચમાં પોલીસ સ્ટાફ ગોઠવાયો હતો. તે દરમિયાન આ કારને જોઈ રોકાવતા આરોપીએ કાર રોકી ન હતી અને નાસી છૂટ્યો હતો. પરંતુ કારનો ફિલ્મી ઢબે પીછો કરતા અંબુજા સિમેન્ટ ફેકટરીમાં ગેઈટની બાજુમાં આવેલ કર્મચારી કેન્ટીન સામે કાર રોડ પર મૂકી કારચાલક નાસી ગયો હતો. જે કારની તલાશી લેતા જુદી જુદી બ્રાન્ડની વિદેશી દારૂની ૫૦૪ બોટલ મળી આવી હતી. પોલીસે વિદેશી દારૂની ૫૦૪ બોટલ કિં.રૂ.૨,૭૨,૦૧૦ તથા કાર મળી કુલ રૂ.૫,૭૨,૦૧૦નો મુદ્દામાલ કબજે કરી નાસી ગયેલ કારચાલક સામે કોડીનાર પોલીસમાં ગુનો નોંધી કારચાલકને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.






# સોનપરા ગામે દારૂનાં હાટડાઓ પોલીસે બંધ કરાવતા રાહત

ડોળાસા, તા.૨૮

ગીર ગઢડા તાલુકાના સોનપરા ગામે વર્ષોથી દારૂનું દૂષણ બેફામ રીતે ચાલી રહ્યું હતું. ત્યારે તાજેતરમાં ગીરગઢડા પોલીસમાં નવનિયુક્ત પીઆઈ, પીએસઆઈ મોઢવાડીયા સમક્ષ સોનપરાનાં સરપંચ ઉમેશભાઈ વાઢેલ અને ગ્રામ પંચાયતના સદસ્યો દ્વારા ગામમાં દારૂની બદીને કાયમ માટે દૂર કરવા રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆતના પગલે ગીર ગઢડા પોલીસ દ્વારા સોનપરા ગામના તમામ દારૂના હાટડા બંધ કરાવવા અસરકારક પગલાં લેવામાં આવતા સોનપરા ગામે દારૂના તમામ હાટડા બંધ કરાવવામાં આવ્યા છે. આ કામગીરીને બિરદાવી સોનપરાના સરપંચ, ગ્રામજનો અને ગ્રામ પંચાયતના તમામ સદસ્યોએ ગીર ગઢડા પોલીસનો આભાર વ્યક્ત કર્યો હતો અને દારૂબંધીની પ્રમાણિક પ્રણાલીને કાયમી ધોરણે જાળવી રાખવા અપીલ પણ કરવામાં આવી હતી.

# યુક્રેનમાં અભ્યાસ કરતી ગોંડલની બે દીકરીઓની હેમખેમ વતન વાપસી

ગોંડલ, તા.૨૮

રશિયા અને યુક્રેન યુદ્ધના કારણે સમગ્ર વિશ્વમાં ચિંતાના વાદળો ઘેરાયા છે. ગુજરાત સહિત ભારતના અનેક વિદ્યાર્થીઓ યુક્રેનમાં ભારે મુશ્કેલીમાં મૂકાયા છે. ત્યારે ગોંડલની બે વિદ્યાર્થિની બંસી રામાણી અને દેવાંશી દાફડા સોમવારે સવારે હેમખેમ ઘરે પહોંચતા પરિવારે રાહતનો શ્વાસ લીધો હતો. પરિવારજનો દ્વારા ફુલહાર, આરતી ઉતારી સ્વાગત કરવામાં આવ્યું હતું અને ઘરમાં ફુગ્ગાનો શણગાર, કેક કાપી મોં મીઠું કારાવી આવકાર આપવામાં આવ્યો હતો. આ સાથે પરિવારજનોમાં હર્ષના આંસુ જોવા મળ્યા હતા. વિદ્યાર્થિનીઓને યુક્રેનથી બસ મારફત રોમાનિયા લઈ જવાઈ હતી. બાદમાં ત્યાંથી પ્લેન મારફત દિલ્હી અને રાજકોટ તથા રાજકોટથી ગોંડલ પહોંચી હતી.



તસવીર : ભોજાણી દેવાંગ

# ગીરગઢડા કોંગ્રેસ દ્વારા કાર્યકર્તા પદગ્રહણ સમારોહ યોજાયો

ઉના, તા.૨૮

ગીરગઢડા કોંગ્રેસ પરિવાર દ્વારા સંનિષ્ઠ-કર્મઠ કાર્યકર્તાઓના પદગ્રહણ સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દરેક ગામના કોંગ્રેસ સમિતિના પ્રમુખ, યુવા કોંગ્રેસ, બક્ષીપંચ મોરચો, કિસાન મોરચો, અનુસૂચિત જાતિ મોરચો, સોશિયલ મીડિયા પ્રમુખની વરણી કરી અને તેઓને ઓળખકાર્ડ વિતરણ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં ધારાસભ્ય પુંજાભાઈ વંશ, મોહનભાઈ વાળા, મનસુખભાઈ ગોહિલ, બાલુભાઈ હિરપરા સહિત ગીરગઢડા-ઉના તાલુકા શહેર કોંગ્રેસ સમિતિના આગેવાનો, સરપંચો, કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે ઉના-કોડીનારના ધારાસભ્ય દ્વારા કાર્યકરોને જોમ અને ઉત્સાહ સાથે નવા સભ્યની નોંધણી કરી અને પ્રજાકિય કામોમાં મદદરૂપ બનવા હાકલ કરી હતી.



તસવીર : કૈલાશ ભટ્ટ

:: જાહેર નોટીસ ::

આથી અમો નીચે સહી કરનાર એડવોકેટ અજય જે. રાઠોડ, રહે. અમરેલીવાળા આથી જાહેર જનતા જોગ આ જાહેર નોટીસ આપી જણાવીએ છીએ કે, ડીસ્ટ્રીકટ ભાવનગર સબ ડીસ્ટ્રીકટ વ તાલુકો મહુવા તાબાના મહુવા ગામે યોજીત નુતન નગર યોજના નં. ૩ માં સીટી સર્વે નંબર ૬૭૬૭ પૈકીના પ્લોટ નં. ૫૩ ની કુલ ૧૮૫-૮૬ ચો. મી. વાળી મીલકત બલદાણીયા રીધ્ધી કુણાલ ની માલીકી કબજા ભોગવટાની આવેલ છે. આ મીલકત ઉપર આ બલદાણીયા રીધ્ધી કૃણાલ ધીરાણ લેવા મેળવવા માંગે છે અને અમારી પાસે ટાઈટલ કલીયર સર્ટીફીકેટની માંગણી કરેલ છે. તો ઉપરોકત મીલકતમાં કોઈ ઈસમ/વ્યકિત કે કોઈ નાણાકીય સંસ્થા કે સરકારી, સહકારી, કે અર્ધસરકારી - અર્ધ સહકારી સંસ્થાનુ હકક-હીત સમાયેલ હોય કે ઉપરોકત મીલકત કોઈની પાસે ગીરો થયેલ હોય કે તેના પર બોજો કરવામાં આવે તો,અથવા કોઈ ઈસમ / વ્યકિતનો લાગ ભાગ, હકક, હીસ્સો હોય તો આ બાબતે જાહેર જનતાને જણાવવાનુ કે, ઉપરોકત મીલકતની માલીકી બાબતે ના ટાઈટલ બાબતે કે સદર મીલકત બાબતે કે કોઈને પણ કોઈ પણ પ્રકારનો હકક હીત સંબધ હોય તો તેવા હકક- હીત-સંબધ અમારી પાસે દિન - ૩ ની અંદર અમારા નીચે જણાવેલ સરનામે રજુ કરશો. આ ઉપરાંત આ ઉપરોકત મીલકત સંબધે કોઈ પણ પ્રકારના રેવન્યુ ખાતામાં, પંચાયત વિભાગમાં, કે કોઈ પણ પ્રકારની કોર્ટમાં કે અન્ય કોઈ પણ જગ્યાએ વાદ વિવાદ ચાલતા હોય કે ચાલેલ હોય તો તેવા વાદ વિવાદના પક્ષકાર કે પક્ષકારોએ સાધનીક કાગળો સાથે આ નોટીસની તારીખથી દિન-૩ માં અમારો નીચેના સરનામે સંપર્ક કરવો. જો તેમ નહી કરવામાં આવે તો આ ઉપરોકત મીલકત ટાઈટલ કલીયર અને ચોખ્ખી છે તેવુ માની લેવામાં આવશે અને માનવાને કારણ રહેશે, ત્યારબાદ કોઈ પણનો વાંધો વચકો કે તકરાર ચાલશે નહી જેની જાહેર જનતાએ નોંધ લેવી.

તા. ૧/3/૨૦૨૨
અમરેલી.

અજય જે. રાઠોડ
એડવોકેટ
જુના માર્કેટયાર્ડ, પહેલા માળે
હરીરામ હોલસેલ માર્કેટ,
કોગ્રેસ કાર્યાલયની સામે,
અમરેલી. મો. નં.૯૮૨૪૯ ૩૦૩૧૬

# ક્રીમિયા, ડોનબાસ સહિત આખા દેશમાંથી સેના હટાવો : યુદ્ધ મંત્રણામાં યુક્રેનની માંગ

### સરેન્ડર કરવાનો ઈરાદો નથી : યુક્રેની રાષ્ટ્રપતિ

મોસ્કો, તા. ૨૮



રશિયા અને યુક્રેન વચ્ચે બેલારુસમાં શાંતિ મંત્રણા પૂર્ણ થઈ છે. બન્ને દેશો પોતપોતાની શરતે યુદ્ધવિરામ કરવા માગે છે. એક બાજુ રશિયા યુક્રેન પાસેથી કરાર કરવા માગે છે તો યુક્રેને રશિયા પાસે ક્રીમિયા, ડોનબાસ સહિત આખા દેશમાંથી સેના હટાવવાની માંગ કરી છે. મંત્રણા પહેલા યુક્રેની રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ કહ્યું કે અમારો ઈરાદો સરેન્ડર કરવાનો નથી. આ વિવાદનો ઉકેલ વાતચીત દ્વારા થઈ શકે તેમ નથી.

### અમેરિકાએ બેલારુસ દૂતાવાસ કર્યું બંધ

યુક્રેન યુદ્ધની વચ્ચે અમેરિકાએ રશિયા અને બેલારુસમાં એક મોટી કાર્યવાહી કરી છે. અમેરિકી વિદેશ વિભાગે બેલારુસ દુતાવાસ બંધ કરવાની તથા મોસ્કોમાં રહેલા તેના લોકો તથા રાજદ્વારીઓને પાછા બોલાવવાની જાહેરાત કરી છે. વાસ્તવમાં માનવામાં આવી રહ્યું છે કે રશિયા બેલારુસમાં પરમાણુ હથિયારો તૈનાત કરી શકે છે. યુરોપિયન યુનિયને પણ બેલારુસ અંગે એલર્ટ જાહેર કર્યું છે.

# ભારતીય વિદ્યાર્થીને પરત લાવવા ૪ મંત્રીઓ યુક્રેનના પાડોશી દેશમાં જશે

નવીદિલ્હી, તા. ૨૮



યુક્રેનમાં રશિયાના આક્રમણથી સર્જાયેલી કટોકટીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સતત બીજા દિવસે હાઈલેવલ મીટીંગમાં આ યુદ્ધગ્રસ્ત દેશમાં ફસાયેલા ૧૫૦૦૦થી વધુ વિદ્યાર્થી સહિતના ભારતીયો માટે ગંભીરતાપૂર્વક ચિંતા શરુ કરી છે અને પાંચ કેન્દ્રીય મંત્રીઓને યુક્રેનની આસપાસના દેશોમાં કેમ્પ કરીને તેઓ તમામ ભારતીયોની સલામત વાપસી માટે કાર્ય કરશે તે નિર્ણય લેવાયો છે. કેન્દ્રીય પેટ્રોલીયમ મંત્રી હરદીપસિંઘ પુરી નાગરિક ઉડ્ડયન મંત્રી જયોતીરાદીત્ય સિંધીયા, કાનુન મંત્રી કિરણ રીજીજુ, રાજયકક્ષાના મંત્રી જનરલ વી.કે.સિંઘ, યુક્રેનની નજીકના દેશોમાં જશે અને ત્યાં તેઓ યુક્રેન ખાતેના ભારતના ખાસ પ્રતિનિધિ તરીકે કામ કરશે.

# યુધ્ધ : સંજોગોને ધ્યાનમાં રાખીને મતદાનથી અળગા રહેવાનો ભારતે લીધો છે નિર્ણય

નવીદિલ્હી,તા.૨૮



ભારત યુએનએસસીમાં પ્રક્રિયાગત મતદાનથી દૂર રહ્યું પરંતુ ૧૫માંથી ૧૧ સભ્યોએ યુએન જનરલ એસેમ્બલીમાં યુક્રેન યુદ્ધ પર ઈમરજન્સી બેઠક બોલાવવાની તરફેણમાં મતદાન કર્યું હતું. ૧૧ સભ્યોએ તરફેણમાં મત આપ્યા બાદ સોમવારે યુએનજીએમાં કટોકટી સત્ર બોલાવવાનો માર્ગ મોકળો થયો છે.નોંધપાત્ર રીતે, પાંચ સ્થાયી સભ્યો સાથે, ૧૦ બિન-સ્થાયી સભ્યોએ પણ યુએનએસસીના વિશેષ સત્રમાં હાજરી આપી હતી. ભારત, ચીન, યુએઈ સહિત ત્રણ દેશોએ મતદાન કરવાનું ટાળ્યું હતું. રશિયાએ તેની વિરુદ્ધ મતદાન કર્યું. ભારતના પ્રતિનિધિ ટી.એસ. તિરુમૂર્તિએ કહ્યું કે સમગ્ર સંજોગોને ધ્યાનમાં રાખીને અમે મતદાનથી દૂર રહેવાનો નિર્ણય લીધો છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે "કુટનીતિ અને સંવાદના માર્ગ પર પાછા ફરવા સિવાય કોઈ વિકલ્પ નથી."

# માનવ પ્રગતિ માટે વિજ્ઞાનની શક્તિનો ઉપયોગ કરવાની અમારી પ્રતિબદ્ધતા : વડાપ્રધાન મોદી

### રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ પર વૈજ્ઞાનિકોને પાઠવી શુભેચ્છા

નવીદિલ્હી,તા.૨૮



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ પર વૈજ્ઞાનિકો અને વિજ્ઞાન ઉત્સાહીઓને શુભેચ્છા પાઠવી હતી અને માનવ પ્રગતિ માટે વિજ્ઞાનની શક્તિનો ઉપયોગ કરવાની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરવા હાકલ કરી હતી. આ દિવસ 'રામન ઈફેક્ટ'ની શોધની યાદમાં ઉજવવામાં આવે છે, જેના માટે ભારતીય ભૌતિકશાસ્ત્રી સીવી રામનને નોબેલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

પીએમ મોદીએ ટ્વીટ કર્યું કે, "તમામ વૈજ્ઞાનિકો અને વિજ્ઞાનમાં રસ ધરાવનારા તમામને રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની શુભકામનાઓ. ચાલો આપણે આપણી સામૂહિક વૈજ્ઞાનિક જવાબદારી પૂરી કરવા અને માનવ પ્રગતિ માટે વિજ્ઞાનની શક્તિનો ઉપયોગ કરવાની આપણી પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટ કરીએ."તેમણે તમામ પરિવારોને તેમના બાળકોમાં વૈજ્ઞાનિક સ્વભાવ કેળવવાના પ્રયાસો કરવા અપીલ કરી હતી. દર વર્ષની ૨૮ ફેબ્રુઆરીને રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ તરીકે મનાવવામાં આવે છે. પહેલો રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ ૨૮ ફેબ્રુઆરી ૧૯૮૭ના રોજ મનાવવામાં આવ્યો હતો.ભારતને વિજ્ઞાનના ક્ષેત્રમાં ઊંચાઈએ પહોંચાડવામાં તેમનો ખૂબ મોટો ફાળો છે.

# જાહેર ક્ષેત્રની નબળી બૅન્કોને મળશે રૂા. ૧૫,૦૦૦ કરોડ

નવીદિલ્હી,તા.૨૮

સેન્ટ્રલ બૅન્ક ઑફ ઈન્ડિયા તથા પંજાબ ઍન્ડ સિંધ બૅન્ક જેવી જાહેર ક્ષેત્રની નબળી બૅન્કોને આધાર આપીને સધ્ધર બનાવવાના ઉદ્દેશથી કેન્દ્ર સરકાર ૧૫,૦૦૦ કરોડ રૂપિયાનું ધરખમ ભંડોળ ફાળવશે. કેન્દ્ર સરકારે ચાલુ નાણાકીય વર્ષમાં સરકારી માલિકીની બૅન્કો માટે ૧૫,૦૦૦ કરોડ રૂપિયા ફાળવ્યા છે. આ રકમ સંબંધિત બૅન્કોને રોજિંદી વ્યવસ્થાપન અને નિયમનની જરૂરિયાતોને પહોંચી વળવામાં મદદરૂપ થશે.

ગયા નાણાકીય વર્ષમાં નોન-ઈન્ટરેસ્ટ બૅરિંગ બૉન્ડ્સ દ્વારા નાણાં પ્રાપ્ત કર્યા હોય, એવી બૅન્કોને ૧૫,૦૦૦ કરોડની રકમનો લાભ મળશે. કારણ કે રિઝર્વ બૅન્કે નોન-ઈન્ટરેસ્ટ બૅરિંગ બૉન્ડ્સ જેવા ફાઈનાન્શિયલ ઈન્સ્ટ્રૂમેન્ટ્સ બાબતે આશંકાઓ વ્યક્ત કરી હતી. રિઝર્વ બૅન્કે જણાવ્યા પ્રમાણે ગયા વર્ષે આવી બૅન્કો માટે ઝીરો કુપન બૉન્ડ્સ દ્વારા ફાળવાયેલી રકમની હાલની નેટ વેલ્યુ એ વખતની ફેસ વેલ્યુથી ઓછી છે.

# યુક્રેન પર રશિયાના હુમલાના વિરોધમાં બર્લિનમાં ૧ લાખથી વધુ લોકોનું પ્રદર્શન

બ્રાન્ડેનબર્ગ,તા.૨૮



યુક્રેન પર રશિયાના હુમલાના વિરોધમાં લગભગ એક લાખ લોકોએ બર્લિનમાં પ્રદર્શન કર્યું. પોલીસે જણાવ્યું હતું કે સેન્ટ્રલ બર્લિનમાં બ્રાન્ડેનબર્ગ ગેટની આસપાસ મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા અને તેમને વધારાની જગ્યા આપવામાં આવી રહી હતી. તેમાં કહેવામાં આવ્યું હતું કે રવિવારનું પ્રદર્શન શાંતિપૂર્ણ હતું અને તેમાં બાળકો સહિતના પરિવારોએ ભાગ લીધો હતો અને લોકોએ યુક્રેનના સમર્થનમાં પીળા અને વાદળી ધ્વજ લહેરાવ્યા હતા.

કેટલાક લોકોએ "યુક્રેન છોડો", "પુતિન જાઓ, સારવાર કરાવો યુક્રેન અને વિશ્વને શાંતિથી રહેવા દો" જેવા શબ્દો સાથેના પ્લેકાર્ડ પ્રદર્શિત કર્યા હતા. રવિવારે બર્લિનમાં યુક્રેનની એકતા કૂચમાં ૧૦૦,૦૦૦ થી વધુ લોકોએ ભાગ લીધો હતો,

યુએન શરણાર્થી એજન્સીએ કહ્યું કે યુદ્ધને કારણે પડોશી દેશોમાં પહોંચેલા યુક્રેનિયનોની સંખ્યા વધીને ૩,૬૮,૦૦૦ થઈ ગઈ છે. રવિવારે શરણાર્થીઓની સંખ્યા શનિવારના અંદાજ કરતાં બમણી છે.

# હા હું ભગવાધારી છું ! ગર્વથી કહો અમે હિન્દુ છીએ : યોગી

લખનૌ,તા.૨૮




ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવની પત્ની ડિંપલ યાદવ પર વળતો જવાબ આપ્યો છે. ડિંપલ યાદવે લોખંડમાં લાગેલા કાટને ભગવા રંગ સાથે જોડ્યો હતો.

સીએમ યોગીએ એક ટ્વિટ કરીને કહ્યું કે, હા હું ભગવાધારી છું. ટ્વીટમાં ટૈગ કરવામાં આવેલા વીડિયોમાં સીએમ યોગી આદિત્યનાથે ડિંપલ યાદવના નિવેદનનો ઉલ્લેખ કરતા કોઈનું પણ નામ લીધા વિના કહ્યું કે, એક વાત મને બહું ખટકી, આપે સપાના અમુક લોકોના નિવેદનો સાંભળ્યા હશે, તે નિવેદન સૃષ્ટિનું પણ અપમાન છે. સનાતન ધર્મ અને સંત સમાજનું પણ અપમાન છે.

# યુક્રેન બનાવશે આંતરાષ્ટ્રીય સેના

કીવ, તા. ૨૮



યુક્રેનના રક્ષા મંત્રાલયે એવી જાહેરાત કરી કે યુક્રેન હવે **International Legion** બનાવશે જેમાં રશિયાનો સામનો કરવા માટે બીજા દેશોના લોકો પણ સામેલ થઈ શકશે. રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીએ નવા યુનિટ બનાવવાનું એલાન કર્યું છે. તેમણે કહ્યું કે હજારો વિદેશીઓ યુદ્ધમાં જોડાવા માટે અમને અરજીઓ કરી રહ્યાં છે અને યુદ્ધમાં અમારો સાથ આપી દુનિયાની રક્ષા કરવા માગે છે. યુક્રેનના પડોશી દેશ લાતવિયાએ સંસદમાં એક ઠરાવ રજૂ કરીને તેના દેશના નાગરિકોને યુક્રેનમાં જઈને લડવું હોય તો જવાની મંજૂરી આપી છે. રશિયાના આક્રમણને અયોગ્ય માનનાર દુનિયાના ૨૮ દેશોએ નાની મોટી મદદ પુરી પાડીને યુક્રેનને એકલું રહેવા દીધું નથી. યુરોપિયન યુનિયન ઉપરાંત કેનેડાએ પણ રશિયા માટે પોતાની એરસ્પેસ બંધ કરી દીધી છે.

# દિલ્હીની હોટલમાંથી યુવતીની લોહીથી લથપથ લાશ મળી

નવીદિલ્હી,તા.૨૮



રાજધાની દિલ્હીના મહિપાલપુર વિસ્તારની એક હોટલમાંથી યુવતીનો મૃતદેહ મળી આવ્યો હતો. રિપોર્ટ અનુસાર યુવતીનું નામ સોનિયા જણાવવામાં આવી રહ્યું છે.

હોટલના રૂમમાં ઘૂસીને સોનિયાની હત્યા કરવામાં આવી છે. આરોપ છે કે શિવમ નામના તેના એક મિત્રએ હત્યા કરી હતી અને તેની હત્યા કરીને ત્યાંથી ભાગી ગયો હતો.હત્યાની જાણ થતાં ડીસીપી સાઉથ વેસ્ટ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. તપાસમાં જાણવા મળ્યું કે ગાઝિયાબાદના રહેવાસી શિવમ ચૌહાણે છેલ્લા ૪ વર્ષથી હોટલમાં એક રૂમ બુક કરાવ્યો હતો. તે મૃતક યુવતીનો મિત્ર હતો.

# બિગ બજારના સ્ટોર્સને ખોટમાંથી ઊગારવા રિલાયન્સ આગળ આવ્યું

મુંબઈ,તા.૨૮




મુકેશ અંબાણીની આગેવાની હેઠળની રિલાયન્સ રિટેલે ખોટમાં ચાલી રહેલા બિગ બજાર સ્ટોર્સની કામગીરી સંભાળી લીધી છે. આ સાથે કંપનીએ ફ્યુચર રિટેલના કર્મચારીઓને પણ નોકરીની ઓફર કરી છે. રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝે ફ્યુચર રિટેલની કામગીરીની જવાબદારી પોતાના હાથમાં લીધી છે.

આ વિકાસ એવા સમયે થયો છે જ્યારે ફ્યુચર ગ્રુપ એમેઝોન સાથે રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝને તેના બિઝનેસના વેચાણને લઈને કાનૂની લડાઈ લડી રહ્યું છે.

રિલાયન્સ રિટેલે બિગ બજાર જેવા સ્ટોર્સને તેના બ્રાન્ડ સ્ટોર તરીકે રૂપાંતરિત કર્યા છે.

# યુધ્ધને કારણે ઓટો ઉદ્યોગને મોટું નુકસાન કાર સહિત એસેસરીઝના ભાવ વધી શકે છે

નવી દિલ્હી. તા. ૨૮



ફોક્સવેગન, રેનો અને ટાયર નિર્માતા નોકિયન ટાયર્સ સહિતની કેટલીક ઓટોમેકર્સે યુક્રેન પર રશિયાના હુમલાને કારણે તેમના ઉત્પાદન એકમોને અસ્થાયી રૂપે બંધ કરી દીધા છે. તે જ સમયે, કેટલીક કંપનીઓએ તેમના એકમોને સ્થાનાંતરિત કરવાની વ્યૂહરચના તૈયાર કરી છે. દરમિયાન અમેરિકાએ રશિયા સામે નિકાસ પ્રતિબંધોની જાહેરાત કરી છે. યુદ્ધે સેમિકન્ડક્ટર સહિત કાચા માલની વૈશ્વિક નિકાસમાં અવરોધ ઊભો કર્યો છે. તે જ સમયે, આ સ્થિતિ લાંબા સમય સુધી રહી શકે છે, જેના કારણે કંપનીઓને તેમના એકમો અહીંથી ખસેડવાની ફરજ પડી રહી છે. ફોક્સવેગને યુક્રેનમાં ઓટો પાર્ટસ બનાવવામાં વિલંબ બાદ બે જર્મન ફેક્ટરીઓમાં ઉત્પાદન અસ્થાયી રૂપે અટકાવી દીધું છે. જ્યારે રેનોએ રશિયામાં તેના કાર એસેમ્બલી પ્લાન્ટ્સ આગામી કેટલાક અઠવાડિયા માટે બંધ કરી દીધા છે, એલએમસીના વૈશ્વિક વાહન ઉત્પાદનના પ્રમુખ જેફ શુસ્ટરે રોઈટર્સને જણાવ્યું: "યુક્રેનમાં સંઘર્ષની તીવ્રતા અને તેની લાંબી અવધિ વિશ્વભરમાં વાહનોના સપ્લાયને અસર કરશે, તે જ સમયે, આનાથી વાહનોના ભાવમાં પણ વધારો થશે.

# રશિયન બોમ્બમારાથી વિશ્વનું સૌથી મોટું કાર્ગો પ્લેન એન્ટોનોવ-૨૨૫ બળીને થયું ખાક

મોસ્કો,તા.૨૮



રશિયન યુક્રેન યુદ્ધની શરૂઆતમાં, રશિયાએ સૌથી પહેલા એરપોર્ટ અને એરબેઝને નિશાન બનાવ્યા હતા. એરપોર્ટ પર મિસાઈલો છોડવામાં આવી હતી. ફાઈટર એરક્રાફ્ટ અને હેલિકોપ્ટર દ્વારા પણ બોમ્બમારો કરવામાં આવ્યો હતો. જેના કારણે યુક્રેનિયન એરફોર્સને ભારે નુકસાન થયું છે.

આ દરમિયાન સમાચાર આવ્યા છે કે રશિયા દ્વારા કરવામાં આવેલા બોમ્બમારાથી યુક્રેનનું વિશ્વનું સૌથી મોટું કાર્ગો પ્લેન એન્ટોનોવ-૨૨૫ બળી ગયું છે. યુક્રેનની સરકારી શસ્ત્ર ઉત્પાદક કંપની યુક્રોબોરોનપ્રોમે રવિવારે આ માહિતી આપી છે. હુમલા સમયે, પ્લેન યુક્રેનની રાજધાની કિવ નજીક હોસ્ટોમેલ એરફિલ્ડ પર ઊભું હતું. યુક્રોબોરોનપ્રોમે તેના ફેસબુક પેજ પર જણાવ્યું હતું કે રશિયન કબજે કરનારાઓએ યુક્રેનિયન ઉડ્ડયન ક્ષેત્રના ફ્લેગ-શિપ, પ્રખ્યાત એન-૨૨૫નો નાશ કર્યો હતો. એરક્રાફ્ટ કિવ નજીક એન્ટોનવના એરફિલ્ડ હોસ્ટોમેલ પર ઉભું હતું. આ પ્લેનના સમારકામમાં $3 બિલિયનથી વધુનો ખર્ચ થશે અને તેમાં ઘણો સમય લાગશે. એએન-૨૨૫નું ઉત્પાદન ૧૯૮૫માં થયું હતું. તેણે ૧૯૮૮માં તેની પ્રથમ ઉડાન ભરી હતી. તે વિશ્વનું અત્યાર સુધીનું સૌથી મોટું એરક્રાફ્ટ છે.

પંજાબ પોલીસથી ભારતીય ટીમની સુરક્ષામાં ચુક

# ભારતીય ટીમની બસમાં કારતુસના ખોખા મળ્યા



મોહાલી તા.૨૮

શ્રીલંકાની ટીમ અત્યારે ભારત પ્રવાસ પર આવી છે. તેવામા T20 સિરીઝ પૂરી થયા પછી હવે બંને ટીમ વચ્ચે ટેસ્ટ સિરીઝ રમાવા જઈ રહી છે. જેની પહેલી મેચ પંજાબના મોહાલીમાં રમાશે. તેવામાં આ મેચ માટે શ્રીલંકન ટેસ્ટ ટીમ મોહાલી પહોંચી ગઈ છે. ત્યારે એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. શનિવારે પોલીસે રૂટિન ચેકઅપ દરમિયાન શ્રીલંકન ખેલાડીની બસમાંથી ૨ ગોળીઓના ખાખી સેલ જપ્ત કર્યા છે. તમને જણાવી દઈએ કે આ બસથી શ્રીલંકન ટીમના ખેલાડીઓ પ્રેક્ટિસ માટે રોજ હોટેલથી સ્ટેડિયમ જતા હોય છે.

પોલીસે આ કેસમાં FIR દાખલ કરી નથી. જોકે આ અંગે ડ્રાઈવર સાથે પૂછપરછ થઈ શકે છે. આ દરમિયાન શરૂઆતની તપાસમાં જાણવા મળ્યું કે આ પ્રાઈવેટ બસ ચંડીગઢના સેક્ટર ૧૭થી સંચાલિત કંપની તારા બ્રધર્સથી હાયર કરી હતી. પોલીસના સૂત્રોએ જણાવ્યું છે કે આની પહેલા આ બસને એક લગ્ન માટે લઈ જવાઈ હતી. અહીં પંજાબમાં લગ્ન પ્રસંગે ફાયરિંગ કરી અલગ રીતે ઉજવણી કરાતી હોય છે.જ્યારે આ અંગે પોલીસ સાથે ચર્ચા કરાઈ ત્યારે કોઈ જવાબ મળી શક્યો નથી. પોલીસ અત્યારે બસના ડ્રાઈવર અને માલિકની પૂછપરછ કરી રહી છે. અત્યાર સુધી એ પણ જાણ નથી થઈ કે બસમાં ફાયરિંગ ક્યારે અને ક્યાં થઈ હતી. આ ગોળીના ખાલી સેલ ક્યાંથી આવ્યા છે.

મીડિયા રિપોર્ટ્સના આધારે ભારતીય ખેલાડીઓને સ્ટેડિયમ સુધી પીક એન્ડ ડ્રોપ કરતી બસ તથા ગાડીમાં પણ કારતૂસના ખોખા ૩૨ બોરની પિસ્તોલ મળી આવી છે. તારા બ્રધર્સની આ બસ IT પાર્ક સ્થિત હોટેલ લલિતની બહાર ઊભી હતી, જ્યાં બંને ટીમના ખેલાડીઓને રોકાણ કરવાની વ્યવસ્થા કરાઈ છે. ટીમ બસમાં કારતૂસના ખોખા મળતા બોમ્બ અને ડોગ સ્કવોડ ઘટનાસ્થળે પહોંચી કાર્યવાહી કરવા લાગી હતી. પોલીસે આ મામલે DDR દાખલ કરી છે. બસમાં કારતૂસના ખોખા મળ્યા પછી મોહાલીના PCA સ્ટેડિયમની પણ તપાસ કરાઈ છે. પોલીસે અત્યારે બંને કારતૂસના ખોખાને જપ્ત કરી લીધા છે.શ્રીલંકા વિરૂદ્ધ ટેસ્ટ મેચ રમવા માટે રવિચંદ્રન અશ્વિન, મોહમ્મદ શમી, ઉમેશ યાદવ, જયંત યાદવ, સૌરભ કુમાર અને કે.એસ.ભરત જેવા ખેલાડી હોટલ લલિતમાં રોકાયા છે. શનિવારે વિરાટ કોહલી અને રિષભ પંત પણ ચંડીગઢ આવી પહોંચ્યા છે.

# નર્મદા જિલ્લાના રિક્ષાચાલકની દીકરી જિમ્નેસ્ટિકમાં ઝળહળી : ૭ ગોલ્ડ, ૪ સિલ્વર અને બે બ્રોન્ઝ મેડલ જીત્યા

(જી.એન.એસ)રાજપીપળા,તા.૨૮

રાજપીપળામાં રહેતા મહેશ વસાવા રીક્ષા ચલાવી પત્ની, એક પુત્રી-એક પુત્રના નાના પરિવારનું ગુજરાન ચલાવી રહ્યાં છે. પોતાની પુત્રી પ્રીતિને રમત ગમતમાં રુચિ હોવાનું પિતાને લાગતા એમણે પ્રીતિને ભણતરની સાથે સાથે રમત ગમત ક્ષેત્રે આગળ વધારવાનું નક્કી કર્યું. પ્રીતિને ભણાવી પણ ખરી અને જિમ્નેસ્ટિકની ટ્રેનિંગ પણ અપાવી.હાલ પ્રીતિ વસાવા ધોરણ ૧૦ માં અભ્યાસ પણ કરે છે અને સાથે સાથે આર્ટીસ્ટીક જિમ્નેસ્ટિકમાં પણ પોતાની



કારકિર્દી બનાવી રહી છે. દેશના અલગ અલગ રાજ્યોમાં થયેલી કોમ્પિટિશનમાં પ્રીતિએ અત્યાર સુધી ૩૦ જેટલા સર્ટિફિકેટ, ૭ ગોલ્ડ મેડલ, ૪ સિલ્વર મેડલ અને ૨ બ્રોન્ઝ મેડલ મેળવ્યો છે, એ અગાઉ નેશનલ કક્ષાએ પણ સિલેક્ટ થઈ ચૂકી છે.પ્રીતિએ આર્ટિસ્ટિક જિમ્નેસ્ટિકમાં નામના મેળવી રાષ્ટ્રીય કક્ષાએ નર્મદા જિલ્લાનું નામ રોશન કર્યું છે. હાલ પ્રીતિ વસાવાને સરકાર દ્વારા પ્રોત્સાહનના ભાગ સ્ટાઈપેન્ડ મળી રહ્યુ છે પણ નર્મદા જિલ્લા વહીવટીતંત્ર પણ એ આદિવાસી દીકરીને સન્માનિત કરે તો એને વધુ પ્રોત્સાહન મળે એમ છે.નર્મદાના રાજપીપળાના આદિવાસી રિક્ષાચાલકની ૧૬ વર્ષીય દીકરી જેણે પોતાની અતૂટ મહેનતના જોરે જિમ્નેસ્ટિકમાં ૭ ગોલ્ડ, ૪ સિલ્વર અને ૨ બ્રોન્ઝ મેડલ મેળવી પોતાના પરિવારની સાથે સાથે નર્મદા જિલ્લાનું નામ પણ દેશમાં રોશન કર્યું છે.

# પંજાબ કિંગ્સનો કેપ્ટન બનતો મયંક અગ્રવાલ

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૮

આઈપીએલ ૨૦૨૨ની તૈયારીઓ તેઝ થઈ ગઈ છે. તમામ ફ્રેન્ચાઈઝીએ પોતાની ટીમને સંતુલિત કરવાનો પ્રયાસ શરૂ કરી દીધો છે. પ્રીતિ ઝિંટાની માલિકીની પંજાબ કિંગ્સે પણ આઈપીએલ ૨૦૨૨ માટે નવા કેપ્ટનની જાહેરાત કરી છે. પંજાબ કિંગ્સે આઈપીએલ ૨૦૨૨ માટે ટીમની કમાની મયંક અગ્રવાલને સોંપી છે. જ્યારે પંજાબ કિંગ્સે રિટેન્શન લિસ્ટ જાહેર કર્યું ત્યારે માત્ર બે ખેલાડીઓને જ રિટેન કરવામાં આવ્યા હતા. આમાં મયંક અગ્રવાલનું નામ પણ સામેલ હતું. ત્યારથી એવી અટકળો ચાલી રહી હતી કે મયંક અગ્રવાલ પંજાબ કિંગ્સના આગામી કેપ્ટન બની શકે છે.

આઈપીએલ ૨૦૨૨ માટે મયંક અગ્રવાલની કેપ્ટનશીપ તેના માટે એક નવી સિદ્ધિ તરીકે જોવામાં આવી શકે છે. મયંક અગ્રવાલ આઈપીએલમાં પ્રથમ વખત કેપ્ટનશિપ કરતો જોવા મળશે. મયંક અગ્રવાલના કેરિયરની વાત કરીએ તો મયંક અગ્રવાલ આઈપીએલમાં અત્યાર સુધીમાં ૧૦૦ મેચ રમી ચૂક્યો છે. આ દરમિયાન તેના બેટમાંથી ૨૧૩૧ રન નીકળ્યા છે. મયંક અગ્રવાલે પણ આઈપીએલમાં એક સદી અને ૧૧ અડધી સદી ફટકારી છે.

# રોહિત શર્મા સૌથી વધુ ટી-૨૦ મેચ રમનાર ખેલાડી

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૮

ભારતીય ક્રિકેટ ટીમના કેપ્ટન રોહિત શર્માએ શ્રીલંકા વિરુદ્ધ ધર્મશાલામાં રમાઈ ગયેલી ત્રીજી ટી ૨૦ ઈન્ટરનેશનલ મેચમાં ઈતિહાસ રચી દીધો છે. રોહિત ટી ૨૦ ક્રિકેટમાં સૌથી વધુ મેચ રમનાર ખેલાડી બની ગયો છે. રોહિતની આ રેકોર્ડ ૧૨૫મી ટી ૨૦ ઈન્ટરનેશનલ મેચ છે. આ સાથે તેણે પાકિસ્તાની ખેલાડી શોએબ મલિકનો રેકોર્ડ તોડી નાખ્યો છે. મલિકના નામે ૧૨૪ ટી ૨૦ આંતરરાષ્ટ્રીય મેચ રમવાનો રેકોર્ડ છે.રોહિતને હાલમાં જ ભારતીય ટીમના ત્રણેય ફોર્મેટનો કેપ્ટન બનાવવામાં આવ્યો છે. સુકાની તરીકે તે શ્રેણીબદ્ધ નવા રેકોર્ડ બનાવી રહ્યો છે.તેના અન્ડરમાં ટીમ ઈન્ડિયાએ નિયમિત કેપ્ટન તરીકે રમી છે તે દરેક શ્રેણી જીતી છે. શ્રીલંકા સામે પણ ટીમ રવિવારે ટી-૨૦ સિરીઝની ત્રીજી મેચ રમી રહી છે પરંતુ સિરીઝ પહેલા જ જીતી ચૂકી છે. ભારતે પ્રથમ મેચ ૬૨ રને અને બીજી મેચ ૭ વિકેટે જીતી હતી. પૂર્વ કેપ્ટન વિરાટ કોહલી સૌથી વધુ ટી૨૦ મેચ રમવાના મામલે રોહિત શર્મા કરતા ઘણો પાછળ છે. રોહિતે ૧૨૫ મેચ રમી છે જ્યારે વિરાટ અત્યાર સુધી માત્ર ૯૭ ટી૨૦ મેચ રમ્યો છે. આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ ચૂકેલા વર્લ્ડ ચેમ્પિયન કેપ્ટન મહેન્દ્ર સિંહ ધોનીએ પણ વિરાટ કરતા વધુ મેચ રમી છે. ધોનીએ ૯૮ T20 મેચ રમીને પોતાની કારકિર્દી પૂરી કરી.

# શ્રેયસ અય્યર એક સિરીઝમાં સૌથી વધુ રન બનાવનાર ભારતીય બન્યો

(એ. આર.એલ),મુંબઈ,તા.૨૮

ભારતે રવિવારે ત્રીજી અને અંતિમ ટી ૨૦ ઈન્ટરનેશનલ મેચમાં શ્રીલંકાને ૬ વિકેટે હરાવીને ત્રણ મેચની શ્રેણીમાં ૩-૦થી ક્લીન સ્વીપ કર્યું હતું. આ શ્રેણીમાં શ્રીલંકાના બોલરો ભારતના સ્ટાર બેટ્સમેન શ્રેયસ અય્યરને આઉટ કરી શક્યા ન હતા. ત્રીજી મેચમાં શ્રેયસ અય્યરે અણનમ ૭૩ રન બનાવી ભારતને જીત અપાવી હતી. આ સાથે શ્રેયસ અય્યરે વિરાટ કોહલીનો મોટો રેકોર્ડ તોડી નાખ્યો. અય્યર ભારત માટે ત્રણ મેચની ટી ૨૦ શ્રેણીમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન બની ગયો છે. તેણે આ સિરીઝમાં ત્રણ ઈનિંગ્સમાં કુલ ૨૦૪ રન બનાવ્યા છે.વિરાટ કોહલીએ ૨૦૧૬માં ઓસ્ટ્રેલિયા સામેની ત્રણ મેચની ટી ૨૦ શ્રેણીમાં ૧૯૯ રન બનાવ્યા હતા. આ પહેલા કોહલીએ ૨૦૧૯માં વેસ્ટ ઈન્ડિઝ સામે ૧૮૩ રન બનાવ્યા હતા.શ્રેયસ અય્યરે પ્રથમ મેચમાં ૨૮ બોલમાં અણનમ ૫૭ રન બનાવ્યા હતા. બીજી મેચમાં તેણે ૪૪ બોલમાં અણનમ ૭૪ રન બનાવ્યા, જે સિરીઝમાં તેનો સર્વોચ્ચ સ્કોર પણ હતો. ત્રીજી મેચમાં અય્યરે ૪૫ બોલમાં અણનમ ૭૩ રનની ઈનિંગ રમી હતી.ફોર્મમાં ચાલી રહેલા શ્રેયસ અય્યરે અણનમ ૭૩ રન બનાવ્યા અને ભારતે રવિવારે ત્રીજી અને અંતિમ ટી ૨૦માં શ્રીલંકાને ૧૯ બોલ બાકી રાખીને ૬ વિકેટે હરાવીને ત્રણ મેચની શ્રેણી ૩-૦થી ક્લીન સ્વીપ કરી.

# લાહોર કલંદર્સ પહેલીવાર પીસીએલ ચેમ્પિયન બન્યું



પાકિસ્તાન સુપર લીગ ૨૦૨૨ની ફાઈનલમાં લાહોર કલંદર્સે શાનદાર પ્રદર્શન દાખવી પહેલીવાર ચેમ્પિયનશિપ ટાઈટલ જીતી લીધું છે. આ મેચમાં મુસ્લાન સુલ્તાનને ૪૨ રનથી હરાવી લાહોર ચેમ્પિયન બની ગયું છે. તમને જણાવી દઈએ કે લાહોરના કેપ્ટન શાહિન શાહ આફ્રિદીએ ટોસ જીતી પહેલા બોલિંગ પસંદ કરી હતી. ટીમે ૨૦ ઓવરમાં ૫ વિકેટના નુકસાને ૧૮૦ રન કર્યા હતા. તેવામાં ટાર્ગેટ ચેઝ કરવા ઉતરેલી મુલ્તાનની ટીમ માત્ર ૧૩૮ રન જ કરી શકી હતી.

લાહોર માટે ૪૧ વર્ષના મોહમ્મદ હફીઝે ૪૬ બોલમાં ૬૯ રન કર્યા હતા. આ દરમિયાન તેણે ૧ સિક્સ અને ૯ ચોગ્ગા ફટકાર્યા હતા. વળી હફીઝ સિવાય છેલ્લી ઓવરમાં હેરી બ્રુકે ૨૨ બોલમાં ૪૧ રન કર્યા હતા. તેણે ૩ છગ્ગા અને ૨ ચોગ્ગા ફટકારી ટીમને ૨૦ ઓવરમાં ૧૮૦ રનના સારા ટોટલ સુધી પહોંચાડી દીધી હતી. તો બીજી બાજુ મુલ્તાન ટીમ માટે આસિફ આફ્રિદીએ સૌથી વધુ ૩ વિકેટ લીધી છે.



# ચાહકો તરફથી મળી રહેલા પ્રેમથી રૂપાલી ગાંગુલી ખુશ

રૂપાલી ગાંગુલી ટેલિવિઝનની ટોચની એક્ટ્રેસિસમાંથી એક છે. ઘર-ઘરમાં અનુપમા તરીકે જાણીતી એક્ટ્રેસને દર્શકો તરફથી ખૂબ પ્રેમ મળે છે. અનુપમા સીરિયલમાં તેના પાત્ર સાથે લોકો કનેક્ટ થઈ રહ્યા છે અને તેને અસલી માની રહ્યા છે. રૂપાલી ગાંગુલી ઘણી સીરિયલોમાં કામ કરી ચૂકી છે પરંતુ જેટલો પ્રેમ 'અનુપમા'ના કારણે મળ્યો છે એટલો કદાચ પહેલા મળ્યો નથી. ઘણા એક્ટર્સ ટેલિવિઝનમાં સફળતા મળ્યા બાદ બોલિવુડ તરફ પ્રયાણ કરે છે પરંતુ રૂપાલી ગાંગુલીના કિસ્સામાં તેવું જરાય નથી. તે ટીવીની એક્ટ્રેસ બનીને જ ખુશ છે અને આ વાત તેણે પોતે એક ઈન્ટરવ્યૂમાં સ્વીકારી છે. રૂપાલી ગાંગુલીનું કહેવું છે કે, ટેલિવિઝન એક્ટર બનીને તે ખૂબ જ ગર્વ અનુભવી રહી છે. મને સમજાતું નથી કે, લોકો કેમ ટીવીને હજી પણ ફિલ્મોના નાના ભાઈ તરીકે ઓળખે છે. મને લાગે છે કે ટીવી ઈન્ડસ્ટ્રી પાસે પણ અદ્ભુત કલાકારો છે પરંતુ કદાચ સરળ ઉપલબ્ધતાના કારણે તે એક રૂઢી બની ગઈ છે, (સંપૂર્ણ સમાચાર સેવા)

# અશનીર ગ્રોવરને સોશિયલ મીડિયામાં ટ્રોલર્સનો સામનો કરવો પડે છે




શાર્ક ઈન્ડિયા ઈન્ડિયામાં આંત્રપ્રિન્યોરની પેનલમાં સામેલ થયા બાદ ભારતપેના કો-ફાઉન્ડર અશનીર ગ્રોવરને ખૂબ પોપ્યુલારિટી મળી છે. જો કે, પોપ્યુલારિટી સાથે ટ્રોલિંગ અને નકારાત્મકતા પણ મળે છે અને અશનીર ગ્રોવર પણ સોશિયલ મીડિયા પર તેનો સામનો કરી રહ્યા છે. સાચી અને સચોટ વાત મોં પર જ કહી દેવાની આદતના કારણે તેમને દર્શકો તરફથી પોઝિટિવ અને નેગેટિવ ફીડબેક મળ્યો હતો. શો બાદ આંત્રપ્રિન્યોરના ચાહકોમાં વધારો થયો છે તો બીજી તરફ તેઓ આ જ કારણથી ટ્રોલિંગ અને નકારાત્મકતા સામે પણ લડી રહ્યા છે. હાલમાં, કોમેડિયન રોહન જોશી અને સાહિલ શાહ સાથે વાતચીત કરતાં અશનીર ગ્રોવરે જણાવ્યું હતું કે, તેઓ કેવી રીતે ટ્રોલિંગનો સામનો કરી રહ્યા છે. ટ્રોલ્સ વિશે સવાલ પૂછતાં અશનીરે કહ્યું હતું કે, ખૂબ ગાળો મળે છે. હજી પણ રાતે છુપાઈને હું ૩ વાગ્યે ઉઠી ગંદી કોમેન્ટ્સને ડિલિટ કરું છું. અશનીર ગ્રોવરે કહ્યું હતું કે, તેમના વિશે અભદ્ર ટિપ્પણી કરનારા સોશિયલ મીડિયા યૂઝર્સને તેમણે બ્લોક પણ કરી દીધા છે. 'હું તેમને બ્લોક કરી દઉ છું અને 'નોટ ઓનલી ધિસ પર્સલન બટ એની અકાઉન્ટ ધે ક્રિએટ ઈન ધ ફ્યૂચર'ને પણ સિલેક્ટ કરું છું', તેમ તેમણે કહ્યું હતું. (સંપૂર્ણ સમાચાર સેવા)

# ન્યૂલી વેડ ફરહાન અને શિબાની હાલમાં હનીમૂન પર નહી જાય



બોલિવુડના એક્ટર-ડાયરેક્ટર ફરહાન અખ્તરે ૧૯ ફેબ્રુઆરીએ લેડી લવ શિબાની દાંડેકર સાથે ખંડાલાના ફાર્મ હાઉસમાં મિત્રો અને પરિવારજનોની હાજરીમાં લગ્ન કર્યા હતા. લગ્નના એક-બે દિવસ બાદ ફરહાન અને શિબાનીએ વેડિંગ સેરેમનીની સુંદર તસવીરો સોશિયલ મીડિયા પર શેર કરી હતી. જે ખૂબ વાયરલ થઈ હતી. હવે ન્યૂલી વેડ ફરહાન અને શિબાનીના હનીમૂન પ્લાન વિશે એક્ટરનાં મમ્મી હની ઈરાનીએ ખુલાસો કર્યો છે. હાલમાં જ આપેલા એક ઈન્ટરવ્યૂમાં પીઢ અભિનેત્રી હની ઈરાનીએ જણાવ્યું કે, કદાચ ફરહાન અને શિબાની હમણાં હનીમૂન માટે નહીં જાય. ફરહાનના બિઝી વર્ક શિડ્યુલના કારણે કપલે હનીમૂન માટે થોડી રાહ જોવી પડી શકે છે. હની ઈરાનીનું માનીએ તો, ફરહાન ટૂંક સમયમાં જ ફિલ્મનું શૂટિંગ શરૂ કરવાનો છે અને તેમણે હાલ હનીમૂન માટે કોઈ પ્લાનિંગ નથી કર્યું. કોરોના મહામારીના કારણે બધું જ ઉપર-નીચે થઈ ગયું છે તેમ હની ઈરાનીએ ઉમેર્યું. મુંબઈમાં ફરહાન અને શિબાનીનું રિસેપ્શન યોજાશે? આ પ્રશ્નનો જવાબ આપતાં હની ઈરાનીએ કહ્યું કે, કેટલાક મિત્રોએ ડિનરનું આમંત્રણ આપ્યું છે તેનાથી વિશેષ કશું જ નથી. (સંપૂર્ણ સમાચાર સેવા)

# લંડનમાં જાસ્મિન ભસીને બોયફ્રેન્ડ અલીનો બર્થડે ઉજવ્યો



ટીવી એક્ટર અને બિગ બોસ ૧૪ ફેમ અલી ગોનીનો ૨૫ ફેબ્રુઆરીએ બર્થ ડે હતો અને તેનું સેલિબ્રેશન તેણે લંડનમાં કર્યું, જ્યાં તેની સાથે ગર્લફ્રેન્ડ જાસ્મિન ભસીન પણ છે. અલી ગોની અને જાસ્મિન ભસીન બર્થ ડેની પૂર્વ સંધ્યાએ ડિનર ડેટ પર ગયા. એક્ટ્રેસે આ દરમિયાનની 'બર્થ ડે બોય'ની તસવીર ઈન્સ્ટાગ્રામ હેન્ડલ પર શેર કરી છે અને વિશ કરતાં હૃદયસ્પર્શી વાત પણ લખી છે. ઉલ્લેખનીય છે કે, અલી ગોની અને જાસ્મિન ભસીન ઘણા વર્ષથી સારા મિત્રો હતા પરંતુ બિગ બોસ ૧૪ના ઘરમાં બંધ થયા બાદ તેમને પ્રેમનો અહેસાસ થયો હતો. નેશનશલ ટેલિવિઝન પર જ બંનેએ એકબીજા પ્રત્યેની લાગણી કબૂલી હતી. જાસ્મિન ભસીને બોયફ્રેન્ડ માટે લખેલી બર્થ ડે પોસ્ટની વાત કરીએ તો, તસવીરની સાથે તેણે લખ્યું છે 'હું હંમેશા તને આ રીતે પકડી રાખવા માગુ છું મારા ચમકતા સ્ટાર. તું મારા માટે એ જાદુ છે જેની મેં ખૂબ ધીરજથી રાહ જોઈ હતી. મારો અમૂલ્ય રિવોર્ડ જેને હું ક્યારેય જવા નહીં દઉ. તે મને ચમકાવી છે, મને આત્મવિશ્વાસ આપ્યો છે અને સપોર્ટ પણ કર્યો છે જે કેટલીકવાર અવિશ્વસનીય છે. તે મને તારા પ્રકાશ અને સકારાત્મકતાથી ભરી દીધી છે. આઈ લવ યુ. તું જ્યારે મારી સાથે હોય છે ત્યારે મને લાગે છે કે, આ માત્ર શરૂઆત છે અને જીવનમાં ઘણું બધુ પ્રાપ્ત કરવાનું બાકી છે. હેપ્પી બર્થ ડે અલી ગોની'. અલી ગોનીએ આભાર માનતા લખ્યું છે 'તું બેસ્ટ છે'. તેણે કિસિંગ ઈમોજી પણ મૂક્યું છે. જાસ્મિન ભસીને આ સિવાય ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં પણ અલી ગોનીની એક તસવીર શેર કરી છે. જેમા તે લંડનની સ્ટ્રિટ પર માસ્ક પહેરીને ઉભો છે અને તેને વિશ કરતા એક્ટરે લખ્યું છે 'હેપ્પી બર્થ ડે'. અલી ગોની અને જાસ્મિન ભસીને તેમણે લંડનમાં આરોગેલા ફૂડની તસવીરો પણ શેર કરી છે. જેને જોઈને કોઈના પણ મોંમાં પાણી આવી જાય. અલી ગોનીના બર્થ ડે પર ઈન્સ્ટાગ્રામ દ્વારા તેનું સ્પેશિયલ ફિલ્ટર પર બનાવવામાં આવ્યું છે. જેનો ઉપયોગ કરીને અલી ગોનીએ એક વીડિયો શેર કર્યો છે. જેમાં ગાલ પર કિસના નિશાન છે અને ઉપર લખેલું છે 'હેપ્પી બર્થ ડે અલી'. અલીએ આ ફિલ્ટર માટે આભાર પણ માન્યો છે. (સંપૂર્ણ સમાચાર સેવા)



# જૂનાગઢના મેળામાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે સંતો-મહંતોના આર્શીવાદ લીધા

જૂનાગઢ,તા.૨૮



જૂનાગઢ ખાતે ભક્તિ, ભજન અને ભોજનના ત્રિવેણી સંગમ સમા મહાશિવરાત્રિના મેળાનો પ્રારંભ થઈ ગયો છે. હર હર મહાદેવના ગગનભેદી નારા અને ધ્વજારોહણ સાથે સંતો-મહંતોની હાજરીમાં મેળાનો પ્રારંભ થયો હતો ત્યારે આજે ભવનાથમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલનું આગમન થયુ છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ જૂનાગઢમાં ગિરનાર ભવનાથ તળેટીની મુલાકાતે આવી પહોંચ્યા હતા. તેમણે ભગવાન ભોળાનાથને શીશ ઝુકાવીને રાજ્ય તથા દેશના વિકાસ અને લોકોની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી.મુખ્યમંત્રી પટેલે સૌ પ્રથમ ભવનાથ મહાદેવના દર્શન કર્યા હતા. મહંત ઈન્દ્રભારતી બાપુના આશ્રમે ગુરૂ ગાદીના દર્શન પણ કર્યા હતા. મુખ્યમંત્રીએ બ્રહ્મલીન મહામંડલેશ્વરશ્રી વિશ્વંભર ભારતી બાપુની મૂર્તિ સમાધિના સ્થળે દર્શન કરી પુષ્પાંજલી અર્પણ કરી હતી. આ તકે સંતો-મહંતોએ મુખ્યમંત્રીનું પુષ્પમાળા, શાલ, સ્મૃતિચિહ્નથી સન્માન કર્યુ હતુ. ભારતી આશ્રમના મહંતશ્રી હરીહરાનંદ ભારતી મહારાજે મુખ્યમંત્રીનુ સ્વાગત કર્યુ હતુ.

# અમરેલીનાં ૩ વિદ્યાર્થીઓ હંગેરી નજીક, જ્યારે એક વિદ્યાર્થી પોલેન્ડમાં પ્રવેશ્યો

## વિદ્યાર્થીઓ ટૂંક સમયમાં જ ફ્લાઈટ મારફતે ભારત આવી પહોંચશે

અમરેલી, તા.૨૮



અમરેલી જિલ્લાનાં અનેક વિદ્યાર્થીઓ યુક્રેનના વિવિધ શહેરોમાં ઉચ્ચ અભ્યાસ કરી રહ્યા છે. યુક્રેનમાં છેલ્લા પાંચ દિવસથી યુધ્ધ ફાટી નિકળ્યુ હોવાથી વિદ્યાર્થીઓના પરિવારજનોમાં ચિંતાનો માહોલ જોવા મળી રહ્યો છે. અમરેલીનાં ચાર વિદ્યાર્થીઓ સાથે સંજોગ ન્યૂઝ સતત સંપર્કમાં રહી વિદ્યાર્થીઓની પરિસ્થિતિ પર નજર રાખી રહ્યું છે. અમરેલીના હર્ષ નિમાવત, રાજદિપ ભટ્ટ, ધ્રુમિત રાઠોડ અને નિકુંજ સોલંકી સાથે સંજોગ ન્યૂઝે વાત કરતા નિકુંજ સોલંકીએ જણાવ્યું હતુ કે, તે ગઈકાલથી જ પોલેન્ડમાં પ્રવેશી ચૂક્યો છે અને શેલ્ટર હોમમાં આશરો લીધો છે. જ્યારે અન્ય ત્રણ વિદ્યાર્થીઓ હંગેરી નજીક આવેલા ઉઝરોડ પહોંચી ગયા છે. ત્યાંથી માત્ર ૬ કિમી હંગેરીની બોર્ડર આવેલી છે. આ તમામ વિદ્યાર્થીઓ હાલ સુરક્ષિત છે અને ટૂંક સમયમાં જ ફલાઈટ મારફતે ભારત આવી પહોંચશે.

# ૫૦૦ કરોડના કૌભાંડના આક્ષેપ બાદ રૂપાણીએ કોંગ્રેસને ફટકારી નોટીસ

રાજકોટ,તા.૨૮



પૂર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી સામે કોંગ્રેસે રૂા.૫૦૦ કરોડના ભ્રષ્ટાચારનો આક્ષેપ કર્યા બાદ પૂર્વ મુખ્યમંત્રીએ અમેરિકાથી પરત આવતાની સાથે જ કોંગ્રેસને આ મામલે નોટીસ મોકલાવી છે. વિપક્ષના નેતા સુખરામ રાઠવા, ઉપનેતા શૈલેષ પરમાર, કોંગ્રેસના દંડક સી.જે. ચાવડાને એડવોકેટ અંશ ભારદ્વાજ મારફત બદનક્ષી બદલ કાનૂની નોટીસ આપી છે. ૨૨ ફેબ્રુઆરીના રોજ કોંગ્રેસના નેતાઓએ પત્રકાર પરિષદ મારફત ૫૦૦ કરોડના જમીન કૌભાંડ અંગે આરોપ મૂક્યો હતો. આ બાબતે નોટીસ આપી છે અને જણાવ્યું છે કે, આ ખોટા આરોપોથી પ્રતિષ્ઠાને મોટું નુકસાન થયું છે, આથી ૧૫ દિવસની અંદર લેખિતમાં માફી માગે અને તમામ આરોપ પરત ખેંચી લે. લેખિત માફી તમામ મીડિયાને મોકલી આપે નહીં તો કોર્ટમાં બદનક્ષીનો કેસ કરવામાં આવશે. વિજય રૂપાણીએ કોંગ્રસને ૧૧ પેજની નોટીસ ફટકારી છે. જેમાં ચાર નેતાઓને નોટીસ પાઠવી છે તેમાં કોંગ્રેસ કાર્યાલયના અંગત મદદનીશ, સુખરામ રાઠવા, શૈલેષ પરમાર અને સી.જે. ચાવડાનો સમાવેશ થાય છે. નોટીસ પાઠવી ૧૫ દિવસમાં લેખિત માફી માગવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

# આવતીકાલથી ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર

(એ.આર.એલ) ગાંધીનગર,તા.૨૮

ગુજરાતમાં ૨ માર્ચથી ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર મળવા જઈ રહ્યું છે, અને ૩ માર્ચે ભુપેન્દ્ર પટેલ સરકારનું પહેલું બજેટ રજૂ થશે. વિધાનસભાના સત્રની તૈયારી માટે આજે કામકાજ સલાહકાર સમિતિની બેઠક મળશે. જેમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી, જીતુ વાઘાણી હાજર રહેશે. વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા સુખરામ રાઠવા, શૈલેષ પરમાર સહિતના આગેવાન હાજર રહેશે. બજેટ સત્રના કામકાજ અંગે બેઠકમાં ચર્ચા થશે. રાજ્યપાલના સંબોધન સાથે સત્રની શરૂઆત થશે. આગામી ૩ માર્ચે બજેટ રજૂ થવા જઈ રહ્યું છે. ત્યારબાદ ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ૩૧ માર્ચ સુધી કાર્યરત રહેશે. ૧૨૧ દિવસના શાસનની ઉજવણી કરનાર મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકારનું વર્ષ ૨૦૨૨-૨૩ માટેનું બજેટ સત્ર ૨જી માર્ચના બુધવારથી શરૂ થશે, જે ૩૧મી માર્ચ સુધી ચાલશે. ૩જી માર્ચે નાણામંત્રી કનુભાઈ દેસાઈ નવી સરકારનું પ્રથમ બજેટ રજૂ કરશે.

# જૂનાગઢ શિવરાત્રી મેળામાં યુવાન પર સાધુના શિષ્યએ કુહાડીનો ઘા ઝીંકયો

## યુવાન લોહીલુહાણ હાલતમાં જ ઢળી પડ્યો, રાજકોટ ખસેડાયો

જૂનાગઢ,તા.૨૮

રાજકોટમાં માલવિયા કોલેજ પાછળ આવેલા અંબાજી કડવા પ્લોટમાં રહેતો હાર્દિક કમલભાઇ પંડયા (ઉ.વ.૩૫) અને તેનો મિત્ર પાર્થ રવિવારે જૂનાગઢ શિવરાત્રીના મેળામાં ગયા હતા, બંને મિત્ર સવારે ૧૧ વાગ્યે જૂનાગઢમાં તળેટી વિસ્તારમાં વડલી ચોક પાસે આવેલા સાધુના અખાડામાં સાધુના દર્શન કરવા ગયા હતા, હાર્દિક અને તેનો મિત્ર પાર્થ સાધુના દર્શન કરવા અંદર ગયા હતા ત્યારે સાધુ અને તેના શિષ્ય વચ્ચે કોઇ મુદ્દે માથાકૂટ ચાલી રહી હતી, જોકે બંને મિત્રોએ સાધુના દર્શન કરી દક્ષિણા આપી પરત ફરવાની તૈયારી શરૂ કરી હતી. હાર્દિક પંડયા પોતાના બૂટ પહેરી રહ્યો હતો ત્યારે અચાનક જ શિષ્ય પાછળથી ધસી આવ્યો હતો અને હાર્દિક કંઇ સમજે તે પહેલા જ તેને કુહાડીનો ઘા ઝીંકી દીધો હતો. ઝનૂનથી કુહાડીનો ઘા ઝીંકાતા હાર્દિક પંડ્યા લોહિયાળ હાલતમાં ઢળી પડ્યો હતો, હુમલો કરી હુમલાખોર શિષ્ય નાસી ગયો હતો, શિવરાત્રીના મેળામાં આવેલા રાજકોટના યુવક પર શિષ્યએ હુમલો કર્યાની વાત વાયુવેગે ફેલાઈ જતાં તળેટી વિસ્તારમાં લોકોના ટોળાં એકઠા થઈ ગયા હતા.

# સુરતમાં સ્કૂલ બેગમાંથી ઘાતક હથિયારો નિકળ્યા

સુરત,તા.૨૮



સુરતમાં ગ્રીષ્મા વેકરીયા હત્યા કેસ બાદ વિદ્યાર્થીઓ ગુનાના રવાડે ચડી ગયા હોવાનું સામે આવી રહ્યું છે. ત્યારે ગુનાખોરીને લગામ કસવા માટે સુરત પોલીસ એકશન મૂડમાં આવી ગઈ છે. ખટોદરા પોલીસે પેટ્રોલિંગ દરમિયાન બાતમીના આધારે તપાસ કરતાં એક યુવક તથા ધોરણ-૮ના વિદ્યાર્થીના બેગમાં પુસ્તકોની જગ્યાએ હથિયારો મળી આવ્યા હતાં. દેશી તમંચા અને રેમ્બો છરા સહિતના હથિયારો મળી આવતાં પોલીસે બન્નેને ઝડપી લઈને આ હથિયારો તેમને કોણે આપ્યા અને કોને આપવાના હતા તથા શું ઉપયોગ કરવાના હતા તે દિશામાં તપાસ હાથ ધરી છે. ખટોદરા પોલીસે જણાવ્યું હતું કે, તેમની ટીમને બાતમી મળી હતી કે,અલથાણ સોહમ સર્કલ પાસે બે યુવકો ઘાતકી હથિયારો સાથે રાખીને ફરી રહ્યા છે. પીએસઆઇ આર.એસ પટેલે ટીમ સાથે મળીને સોહમ સર્કલ પાસે વોચ ગોઠવી બાળ કિશોર સહિત એક યુવકને ઝડપી પાડ્યો હતો. જેમની સ્કૂલ બેગમાંથી ચોપડાને બદલે ઘાતકી હથિયાર એટલે કે, દેશી તમંચો અને છરા મળી આવ્યા હતા. એક આરોપી ૧૬ વર્ષનો અને ધોરણ-૮માં અભ્યાસ કરે છે.























